# Current Affairs December.-2019

## 1. December. 2019

**(૧) વિશ્વ એઇડ્સ દિવસ :**

– દર વર્ષે ૧ ડિસેમ્બરના રોજ વિશ્વભરમાં વિશ્વ એઇડ્સ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
– આ દિવસની ઉજવણી વિશ્વભરમાં એઇડ્સ વિશે જાગૃતતા લાવવાના ઉદ્દેશ્યથી કરવામાં આવે છે.
– આ દિવસની પ્રથમ ઉજવણી વર્ષ ૧૯૮૮માં કરવામાં આવી હતી.
– એઇડ્સ દિવસનો સિમ્બોલ Red Robin છે. જે એચઆઇવી પોઝિટિવ તથા એ જ ધરાવતા લોકો સાથે એકતા માટેનું વૈશ્વિક પ્રતીક છે.
– એઇડ્સ રોગ એચઆઇવીના ચેપ લાગવાથી થાય છે.
– વર્ષ –૨૦૧૯ ની થીમ : - Communities make the difference
- AIDS - Acquired Immune Deficiency Syndrome
- HIV - Human Immunodeficiency Virus

**(૨) બીએસએફની સ્થાપના દિન :**

– દર વર્ષે ૧ ડિસેમ્બરના રોજ બોર્ડર સિક્યુરિટી ફોર્સ સ્થાપના દિવસ મનાવવામાં આવે છે.
– બીએસએફની સ્થાપના ૧ ડિસેમ્બર ૧૯૬૫ના રોજ થઇ હતી.
– બીએસએફનો મોટો જીવન પર્યંત કર્તવ્ય છે.
– આ ફોર્સ પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથે ભારતીય સીમાની સુરક્ષા કરે છે. બીએસએફનું મુખ્ય કાર્ય શાંતિ કાળ દરમ્યાન દેશની સીમાઓની સુરક્ષા કરવાનું છે.
– બીએસએફ દુનિયાની સૌથી મોટી સીમા સુરક્ષા ફોર્સ છે.
– બીએસએફ કેન્દ્રીય ગૃહમંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
– હાલ દેશમાં બીએસએફની ૧૮૬ બટાલિયન છે.
– બીએસએફના ૨૫માં મહાનિર્દિશક તરીકે હાલ વી.કે. જોહરી છે.

**(૩) દેશના પ્રથમ ૧૦૦ MLD ક્ષમતાના ડિસેલીનેશન પ્લાન્ટનું ભૂમિપૂજન**

– તાજેતરમાં ભરૂચ જિલ્લાના દહેજ ખાતે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ દેશના પ્રથમ ૧૦૦ MLD ક્ષમતાના ડિસેલીનેશન પ્લાન્ટનું ભૂમિપૂજન કર્યુ.
– આ પ્લાન્ટ દ્વારા સમુદ્રના ખારા પાણીને શુદ્ધ કરી તેનો ઉપયોગ ઔદ્યોગિક હેતુસર કરવામાં આવશે.
– ભારતમાં તમિલનાડુ બાદ ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં દરિયાના ખારા પાણીમાંથી મીઠું પાણી બનાવવાનો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે.

**(૪) નવી દિલ્હી ખાતે દસમી યુથ પાર્લામેન્ટનું આયોજન :**

– તાજેતરમાં લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા દ્વારા નવી દિલ્હી ખાતે દસમી યુથ પાર્લામેન્ટનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું.
– આ પાર્લામેન્ટનું આયોજન ૧૮ થી ૨૯ વર્ષની ઉંમરના યુવાઓને લોકશાહી અને ગવર્નન્સ જેવા વિષયો પર જાગૃત કરવા અને એક પ્લેટફોર્મ પર જોડે લાવી ચર્ચા કરવાના ઉદ્દેશ્ય થી કરવામાં આવ્યું છે.
– આ પાર્લામેન્ટનું આયોજન દર વર્ષે કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશન દ્વારા કરવામાં આવે છે.
– કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશનની સ્થાપના વર્ષ ૧૯૧૧ માં કરવામાં આવી હતી તેનું મુખ્ય મથક લંડન ખાતે આવેલ છે.
– ૧૭ મી લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા રાજસ્થાનના કોટા બુંદી બેઠકના સાંસદ છે.
– તેમનો જન્મ વર્ષ ૧૯૬૨માં રાજસ્થાનના કોટા ખાતે થયો હતો.
– ૧૭ મી લોકસભાના પ્રોટેમ સ્પીકર તરીકે ડૉ. વિરેન્દ્રકુમાર બન્યા હતા.

**(૪) પેન્શન સપ્તાહ :**

– તાજેતરમાં ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા દેશભરમાં પેન્શન સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું.
– કેન્દ્રીય શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી સંતોષ ગંગવારે પેન્શન સપ્તાહનો પ્રારંભ કરાવ્યો હતો.
– આ સપ્તાહનું આયોજન ૩૦ નવેમ્બર થી ૬ ડિસેમ્બર ૨૦૧૯ દરમ્યાન કરવામાં આવશે.
– દેશમાં પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના અને વ્યાપારીઓ માટેની રાષ્ટ્રીય પેન્શન યોજના અંતર્ગત વધુને વધુ લોકો જોડાઇ તે હેતુથી પેન્શન સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે.

**(૫) એક્સેલરેટર લેબ– સંયુક્ત રાષ્ટ્ર :**

– તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ દ્વારા નવી દિલ્હી ખાતે એક્સેલરેટર લેબ લોન્ચ કરી.
– તેનો ઉદ્દેશ્ય સંયુક્ત રાષ્ટ્ર સતત વિકાસ લક્ષ્યોને ૨૦૩૦ સુધીમાં પૂરા કરવાનો છે આ ઉપરાંત ભારતમાં સૌથી મહત્વપૂર્ણ મુદ્દાઓ પર કાર્ય કરવાનો છે. જેમાં હવા પ્રદૂષણ પણ સામેલ છે.
– આ લેબમાં નવીન ટેક્નૉલોજિ દ્વારા મહત્વપૂર્ણ સમસ્યાઓનો ઉકેલ શોધવામાં આવશે.
– આ લેબ માટે નીતિ આયોગના અટલ ઇનોવેશન મિશન અને સંયુક્ત રાષ્ટ્ર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ વચ્ચે ભાગીદારી કરવામાં આવી છે.
– આ લેબની સ્થાપના સંયુક્ત રાષ્ટ્ર ડેવલોપમેન્ટ પ્રોગ્રામના નવી દિલ્હી ખાતેના કાર્યાલય ખાતે કરવામાં આવશે.

પ્રશ્નો :

૧ વિશ્વ એઈડ્સ દિવસ ક્યોર મનાવાય છે ?
- ૧ ડિસેમ્બર

૨ HIVનું પુરૂનામ જણાવો ?
- Human Immunodeficiency Virus

૩ વિશ્વ એઈડ્સ દિવસ-૨૦૧૯ની થીમ જણાવો ?
- Communities make the difference

૪ બોર્ડર સિક્યુરીટી ફોર્સ સ્થાપના દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧ ડિસેમ્બર

૫ બીએસએફના ૨૫મા મહાનિર્દેશક તરીકે હાલ કોણ નિયુક્ત છે ?
- વિ.કે. જોહરી

Vivekanand Academy Gandhinagar

૬ દેશના પ્રથમ ૧૦૦ MLD ક્ષમતાના ડિસેલીશન પ્લાન્ટનુ ભૂમિપુજન કયાં કરવામાં આવ્યું ?
- દહેજ, ભરૂચ
૭ ૧૭ મી લોકસભાના અધ્યક્ષ જણાવો ?
- ઓમ બિરલા

## 2. December. 2019

**(૧) રાષ્ટ્રીય પ્રદુષણ નિવારણ દિવસ :**

- દેશભરમાં દર વર્ષે ૨ ડિસેમ્બરના રોજ રાષ્ટ્રીય પ્રદુષણ નિવારણ દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી ભોપાલ ગેસ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની યાદમાં કરવામાં આવે છે.
- ભારત સરકાર દ્વારા આ દિવસની ઉજવણી ઔધોગિક આપત્તિના વ્યવસ્થાપન અને નિયંત્રણ પ્રત્યે લોકોને જાગૃત કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવે છે.
- મધ્યપ્રદેશના ભોપાલમાં ૨ અને ૩ ડિસેમ્બર ૧૯૮૪ના રોજ ભોપાલ ગેસ દુર્ઘટના થઇ હતી જેમાં હજારો લોકોના મૃત્યુ થયા હતા.
- વિશ્વની સૌથી મોટી આપત્તિ માનવામાં આવતી આ દુર્ઘટના ભોપાલની યુનિયન કાર્બાઇડ ઇન્ડિયા લિમિટેડ નામની કંપનીમાં થઇ હતી.

**(૨) ભારત અને જાપાન વચ્ચે પ્રથમ વખત ફોરેઇન એન્ડ ડિફેન્સ મિનિસ્ટ્રીયલ સંવાદ (2+2)**

- તાજેતરમાં નવી દિલ્હી ખાતે ભારત અને જાપાન વચ્ચે પ્રથમ વખત ફોરેઇન એન્ડ ડિફેન્સ મિનિસ્ટ્રીયલ સંવાદ (૨+૨)નું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ સંવાદમાં ભારત અને જાપાનના સંરક્ષણ અને સુરક્ષા સંબંધોને પ્રોત્સાહન આપવા અને પરસ્પર સહયોગ આપવાના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.
- આ સંવાદમાં ભારતીય પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ અને વિદેશમંત્રી સુબ્રમણયમ જયશંકર દ્વારા કરવામાં આવ્યું હતું.

**(૩) ગ્લોબલ ડિપ્લોમસી ઇન્ડેક્સ –૨૦૧૯**

- તાજેતરમાં ઓસ્ટ્રેલિયાના Lowy Institute દ્વારા ગ્લોબલ ડિપ્લોમસી ઇન્ડેક્સ ૨૦૧૯ જાહેર કરવામાં આવ્યો.
- કુલ ૬૧ દેશોનો સમાવેશ કરવામાં આવેલ આ ઇન્ડેક્સમાં ભારતનું સ્થાન બારમું છે.
- આ ઇન્ડેક્સ વિશ્વના વિવિધ દેશોમાં આવેલા દૂતાવાસ અને રાજદૂતોની સૌથી વધુ સંખ્યાને ધ્યાને લઇ તૈયાર કરવામાં આવે છે.
- આ ઇન્ડેક્સમાં પ્રથમ સ્થાને ચીન છે જ્યારે બીજા અને ત્રીજા સ્થાને અનુક્રમે અમેરિકા અને ફ્રાન્સ છે.
- આ ઈન્ડેક્સકમાં અંતિમ સ્થાને ભૂટાન છે.

**(૪) અક્કીતમ અચુથન નમ્બુદરી – જ્ઞાનપીઠ પુરસ્કાર ૨૦૧૯**

- તાજેતરમાં મલયાલમ કવિ અક્કી તમ અચુથન નમ્બુદરીને ૫૫ માં જ્ઞાનપીઠ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા.
- કવિ અક્કીતમ અચુથન નમ્બુદરીનો જન્મ ૧૮ માર્ચ ૧૯૨૬ના રોજ કેરલના પલક્કડ ખાતે થયો હતો.
- તેમણે ખંડ કાવ્ય, કથા કાવ્ય, ચરિત કાવ્યની રચનાઓ કરી છે. તેમણે ૫૫ થી વધુ પુસ્તકો લખ્યા છે.
- તેમને કેરલ સાહિત્ય અકાદમી પુરસ્કાર, કેન્દ્ર સાહિત્ય અકાદમી એવોર્ડ, આસન પુરસ્કાર, અને વર્ષ ૨૦૧૭માં પદ્મશ્રી સન્માન એનાયત થાય છે.
- જ્ઞાનપીઠ પુરસ્કાર જ્ઞાનપીઠ ટ્રસ્ટ દ્વારા ભારતીય સાહિત્ય માટે આપવામાં આવતો સર્વોચ્ચ પુરસ્કાર છે.
- ભારતના કોઇપણ નાગરિક જે આઠમી સૂચિમાં ઉલ્લેખિત ૨૨ ભાષાઓમાંથી કોઇપણમાં લખે છે તે આ પુરસ્કાર માટે લાયક છે.
- આ પુરસ્કાર અંતર્ગત વિજેતાને ૧૧ લાખ ઇનામ સ્વરૂપે અને એક સરસ્વતીજીની મુર્તિ આપવામાં આવે છે.
- જ્ઞાનપીઠ પુરસ્કાર ૧૯૬૫ થી આપવામાં આવે છે. પ્રથમ પુરસ્કાર મલયાલમ લેખક જયશંકર કુરૂપને આપવમાં આવ્યો હતો.
- જાણીતા અંગ્રેજી ભાષાના લેખક અમિતાભ ઘોષને વર્ષે ૨૦૧૮ માટેનો ૫૪મો જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

**જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા ગુજરાતી સાહિત્યકારો**

| વર્ષ | સાહિત્યકાર | કૃતિ |
|---|---|---|
| ૧૯૬૭ | ઉમાશંકર જોશી | નિશીત (કાવ્યસંગ્રહ) |
| ૧૯૮૫ | પન્નાલાલ પટેલ | માનવીની ભવાઇ (નવલકથા) |
| ૨૦૦૧ | રાજેન્દ્ર શાહ | ધ્વનિ (કાવ્યસંગ્રહ) |
| ૨૦૧૫ | રઘુવીર ચૌધરી | અમૃતા (નવલકથા) |

પ્રશ્નો :

૧ રાષ્ટ્રીય પ્રદુષણ નિવારણ દિવસ ક્યારે મનાવાય છે ?
- ૨ ડિસેમ્બર
૨ ભારત અને જાપાન પ્રથમ વખત ફોરેઇન એન્ડ ડિફેન્સ મિનિસ્ટ્રીયલ સંવાદ (૨+૨) નું આયોજન ક્યાં થયું હતું ?
- નવી દિલ્હી
૩ ગ્લોબલ ડિપ્લોમસી ઇન્ડેક્સ -૨૦૧૯ અનુસાર ભારતનું સ્થાન જણાવો ?
- ૧૨ (બારમું)
૪ જ્ઞાનપીઠ પુરસ્કાર ૨૦૧૯ વિજેતા જણાવો ?
- કવિ અક્કીતમ અમુથન નમ્બુદરી
૫ 'ધ્વનિ' કાવ્યસંગ્રહના રચયિતા જણાવો ?
- રાજેન્દ્ર શાહ
૬ પ્રથમ જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા જણાવો ?
- જયશંકર કુરૂપ

## 3. December. 2019

**(૧) વિશ્વ વિકલાંગ દિવસ**

- દર વર્ષે ૩ ડિસેમ્બરના રોજ વિશ્વભરમાં વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી શારીરિક તથા માનસિક રીતે અસ્થિર વ્યક્તિઓ પ્રત્યે સમાજમાં જાગૃતતા ફેલાવવા કરવામાં આવે છે.
- આ દિવસની પ્રથમ ઉજવણી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૧૯૯૨માં કરવામાં આવી હતી.

Vivekanand Academy Gandhinagar

– વર્ષ ૨૦૧૯ ની થીમ – “Promoting the Participation of Persons with Disabilities and their Leadership: taking action on the 2030 Development Agenda”

**(૨) ૧૩ મી સાઉથ એશિયન ગેમ્સ :**

– તાજેતરમાં નેપાળ ખાતે ૧૩ મી સાઉથ એશિયન ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું.
– ૧૩ મી સાઉથ એશિયન ગેમ્સનું ઉદ્‌ઘાટન નેપાળના રાષ્ટ્રપતિ વિદ્યાદેવી ભંડેરી દ્વારા કરવામાં આવ્યું હતું.
– આ ઇવેન્ટમાં ભારતના ૪૫૦ થી વધારે ખેલાડીઓ ભાગ લઇ રહ્યા.
– નેપાળના કાઠમંડુ ખાતે યોજાયેલ આ ઇવેન્ટની ઓપનિંગ સેરેમનીમાં ભારતીય ધ્વજ વાહક તરીકે તેજીન્દરપાલ સિંહ તુરની પસંદગી કરવામાં આવી હતી.
– તેજીન્દરપાલ સિંહ તુર દેશના પ્રસિદ્ધ ગોળાફેંક ખેલાડી છે.
– તેમણે કતારના દોહા ખાતે યોજાયેલ એશિયન ચેમ્પિયનશીપ ૨૦૧૯માં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
– વર્ષ ૨૦૧૮માં ઇન્ડોનેશિયાના જકાર્તા ખાતે યોજાયેલ એશિયન ગેમ્સ ૨૦૧૮માં પણ તેમણે ગોલ્ડ મેડલ જીત્યો હતો.
– સાઉથ એશિયન ગેમ્સનું આયોજન વર્ષ ૧૯૮૩ દર બે વર્ષે કરવામાં આવે છે.
– હાલ આ ઇવેન્ટમાં આઠ સભ્ય દેશો છે જેમાં ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, નેપાળ, ભૂટાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, અને માલદીવનો સમાવેશ થાય છે.

**(૩) ૪૭ મી ઓલ ઇન્ડિયા પોલીસ સાયન્સ કોંગ્રેસ :**

– તાજેતરમાં ઉત્તરપ્રદેશના લખનઉ ખાતે ૪૭મી ઓલ ઇન્ડિયા પોલીસ સાયન્સ કોંગ્રેસનું આયોજન કરવામાં આવ્યું હતું.
– આ ઇવેન્ટમાં મુખ્ય અતિથિ તરીકે પોંડુચેરીના લેફ્નેન્ટ ગર્વનર અને પૂર્વ આઇપીએસ અધિકારી કિરણ બેદી હાજર રહ્યા હતા.
– આ ઇવેન્ટમાં દેશભરના દરેક રાજ્યના વરિષ્ઠ પોલીસ અધિકારો અને ઇન્વેસ્ટિગેશન એજન્સીઓના અધિકારીઓએ ભાગ લીધો હતો.

**(૪) મિત્ર શક્તિ યુદ્ધ કવાયત – ૨૦૧૯**

– તાજેતરમાં પુણે ખાતે ભારત અને શ્રીલંકા વચ્ચે સાતમી મિત્ર શક્તિ યુદ્ધ કવાયતનું આયોજન કરવામાં આવ્યું.
– પુણે ખાતે આવેલ ઔંધ મિલિટરી સ્ટેશનમાં યોજાયેલ આ કવાયત ૧ ડિસેમ્બર થી ૧૪ ડિસેમ્બર સુધી ચાલશે.
– આ કવાયત દરમિયાન બંને દેશના સૈનિકો ગ્રામીણ તથા શહેરી વાતાવરણમાં આંતકવાદ વિરોધી કાર્યવાહી કરવા અને નવી ટેકનીકોની આપ– લે કરશે.
– મિત્ર શક્તિ કવાયતનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે તેનું પ્રથમ આયોજન વર્ષ ૨૦૧૨માં કરવામાં આવ્યું હતું.

પ્રશ્નો :

૧ વિશ્વ વિકલાંગ દિવસ ક્યારે મનાવાય છે ?
- ૩ ડિસેમ્બર

૨ વિશ્વ વિકલાંગ દિવસની પ્રથમ ઉજવણી ક્યારે કરવામાં આવી હતી ?
- ૧૯૯૨

૩ ૧૩ મી સાઉથ એશિયન ગેમ્સનું આયોજન કયાં થયું હતું ?
- નેપાળ

૪ તેજીન્દરપાલસિંહ તુર કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- ગોળાફેંક

૫ ૪૭મી ઓલ ઇન્ડિયા પોલીસ સાયન્સ કોંગ્રેસનું આયોજન કયાં થયું હતું ?
- લખનઉ, ઉત્તરપ્રદેશ

૬ મિત્ર શક્તિ યુદ્ધ કવાયત ૨૦૧૯ કયાં બે દેશ વચ્ચે યોજાઇ હતી ?
- ભારત અને શ્રીલંકા

## 4. December. 2019

**(૧) રાષ્ટ્રીય નૌસેના દિવસ :**

– દર વર્ષે ૪ ડિસેમ્બરના રોજ ભારતમાં રાષ્ટ્રીય નૌસેના દિવસ ઉજવવામાં આવે છે.
– આ દિવસની ઉજવણી ૧૯૭૧ના ભારત– પાકિસ્તાન યુદ્ધ દરમ્યાન ૪ ડિસેમ્બર –૧૯૭૧ ના રોજ ભારતીય નૌસેનાની મિસાઇલ બોટ દ્વારા પાકિસ્તાનના કરાચી બંદર પર કરવામાં આવેલ હુમલાની યાદમાં તથા શહીદોની યાદમાં કરવામાં આવે છે.
– ભારતીય નૌસેનાની સ્થાપના વર્ષ ૧૬૧૨માં કરવામાં આવી હતી.
– મરાઠા શાસક છત્રપતિ શિવાજી મહારાજને ભારતીય નૌસેનાના પિતા કહેવામાં આવે છે.
– નૌસેનાનું આદર્શ વાક્ય – ‘શં નો વરુળ:’
– હાલ નૌસેનાના પ્રમુખ એડમિરલ કરમવીરસિંહ છે.

**(૨) મુકેશ અંબાણી વિશ્વના ૯ માં ક્રમના સૌથી અમીર વ્યક્તિ :**

– તાજેતરમાં ફોર્બ્સ મેગેઝીન દ્વારા જાહેર કરવામાં આવેલ ધ રિયલ ટાઇમ બિલયનેયર્સ લિસ્ટમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી વિશ્વના ૯માં ક્રમના સૌથી અમીર વ્યક્તિ બન્યા.
– તેમની નેટવર્થ ૬૦.૮ અરબ ડૉલર પહોંચી છે.
– આ લિસ્ટમાં ઇ– કોમર્સ કંપની એમેઝોનના સંસ્થાપક જેફ બેજોસ ૧૧૩ અરબ ડૉલરની નેટવર્થ સાથે પ્રથમ સ્થાને છે.
– રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડની સ્થાપના વર્ષ ૧૯૭૭માં ધીરૂભાઇ અંબાણી દ્વારા કરવામાં આવી હતી.
– હાલ ૪૭% શેર સાથે મુકેશ અંબાણી કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર છે.
– તાજેતરમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની માર્કેટકેપ ૧૦ લાખ કરોડની થઇ છે.
– રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ૧૦ લાખ કરોડ માર્કેટ કેપ ધરાવતી ભારતની પ્રથમ કંપની છે.

Vivekanand Academy Gandhinagar

– રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ વર્ષ ૨૦૧૭ માં ફોર્ચ્યુન ગ્લોબલની ૫૦૦ કંપનીની સૂચિમાં ૨૦૩ મું સ્થાન ધરાવે છે.

**(૩) ૧૪ મો સૂર્ય કિરણ યુદ્ધઅભ્યાસ – ભારત અને નેપાળ :**

– તાજેતરમાં ભારત અને નેપાળ વચ્ચે સુર્ય કિરણ યુદ્ધ અભ્યાસની નેપાળની નેપાળના રૂપેન્દેહી જિલ્લાના સલિઝંડી ખાતે શરૂઆત થઇ.

– ભારત અને નેપાળ વચ્ચે દર વર્ષે ભારત અને નેપાળ ખાતે આ અભ્યાસનું આયોજન કરવામાં આવે છે.

– વર્ષ ૨૦૧૯માં યોજાઇ રહેલ આ અભ્યાસ ૧૪ મો સૂર્ય કિરણ અભ્યાસ છે.

– આ અભ્યાસ દરમ્યાન જંગલ અને પર્વતીય વિસ્તારમાં આતંકવાદી વિરોધી કામગીરી અંગે અભ્યાસ કરવામાં આવશે.

**(૪) વર્ષ ૨૦૨૦ માં G-20 શિખર સંમેલનનું આયોજન સાઉદી અરબ ખાતે :**

– વર્ષ ૨૦૨૦માં સાઉદી અરબની રાજધાની રિયાધ ખાતે G-20 શિખર સંમેલનનું આયોજન થશે.

– આ પ્રથમ વખત સાઉદી અરબ ખાતે G-20 શિખર સંમેલનનું આયોજન થશે.

– ગયા વર્ષે આ સંમેલનનું આયોજન આર્જેટીનાની રાજધાની બ્યુઇનોસ એરેસ ખાતે થયું હતું.

**G-20**

G-20 -ની રચના સપ્ટેમ્બર ૨૬, ૧૯૯૯ના રોજ કરવામાં આવી હતી.

– તેનું મુખ્ય લક્ષ્ય મુખ્ય મુદ્દાઓ અને વૈશ્વિક અર્થતંત્રની સમસ્યાઓ અંગે ચર્ચા કરવા માટે સભ્ય દેશો એકત્રિત કરવાનો છે

– ૧૯૯૯ માં G-7 દેશોના નાણાં પ્રધાનોએ આંતરરાષ્ટ્રીય મંચ તરીકે G-20 -ની રચના કરી હતી.

– G-20 તેના સભ્યો માટે આંતરરાષ્ટ્રીય આર્થિક સહકાર અને કેટલાક મુદ્દાઓ પર નિર્ણય લેવાનો મુખ્ય મંચ છે.

– તેમાં ૧૯ દેશો અને યુરોપિયન સંઘનો સમાવેશ થાય છે.

– G-20 ના નેતાઓ એક વર્ષમાં એકવાર મળે છે અને મીટિંગમાં મળે છે.

– ભારત વર્ષ ૨૦૨૨માં G-20 સમિટની યજમાની કરશે.

**G-20 ના સભ્ય દેશો :**

– આર્જેન્ટીના, ઓસ્ટ્રેલીયા, બ્રાઝિલ, કેનેડા, ચાઇના, ફ્રન્સ, જર્મની, ભારત, ઇન્ડોનેશિયા, ઇટાલી, જાપાન, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તૂર્કી, યુનાઇટેડ કિંગડમ, યુ.એસ, અને યુરોપિયન સંઘ

**સાઉદી અરબ :**

– સાઉદી અરબ પશ્ચિમ એશિયાનું એક ઇસ્લામિક રાષ્ટ્ર છે જેનું ક્ષેત્રફળ ૨૧, ૪૯ ૬૯૦ વર્ગ કિમી છે.

– સાઉદી અરબ જોર્ડન, ઇરાક કુવૈત, કતાર, બહરિન, સંયુક્ત, અરબ અમીરાત, ઓમાન અને યમન સાથે સીમા ધરાવે છે.

– સાઉદી અરબનું ચલણ – રિયાધ

પ્રશ્નો :

૧ રાષ્ટ્રીય નૌસેના દિવસ ક્યારે મનાવાય છે ?

- ૪ ડિસેમ્બર

૨ હાલના નૌસેનાના પ્રમુખનું નામ જણાવો ?

- એડમિરલ કરમવીરસિંહ

૩ ફોર્બ્સ મેગેઝીન દ્વારા ભારતનાં સૌથી અમીર વ્યક્તિનું નામ જણાવો ?

- મુકેશ અંબાણી

૪ ૧૦ લાખ કરોડ માર્કેટ કેપ ધરાવતી ભારતની પ્રથમ કંપની જણાવો ?

- રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ

૫ ૧૪ મો સુર્ય કિરણ અભ્યાસ કયાં બે દેશ વચ્ચે યોજાયો હતો ?

- ભારત- નેપાળ

૬ ૨૦૨૦માં જી-૨૦ શિખર સંમેલનનું આયોજન કયાં થશે ?

- સાઉદી અરબ

## 5. December. 2019

**(૧) વિશ્વ મૃદા દિવસ :**

– દર વર્ષે ૫ ડિસેમ્બરના રોજ વિશ્વભરમાં વિશ્વ મૃદા દિવસ (World soil day) મનાવવામાં આવે છે.

– આ દિવસની ઉજવણી ખાદ્ય અને કૃષિ સંગઠન દ્વારા કરવાં આવે છે.

– વર્ષ ૨૦૧૯ થીમ : “Stop Soil Erosion, Save our Future”

**(૨) આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ :**

– દર વર્ષે ૫ ડિસેમ્બરના રોજ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ ઉજવવામાં આવે છે.

– સ્વયંસેવકો અને તેમના સંગઠનોએ કરેલા તેમના કાર્યને પ્રોત્સાહિત કરવા માટે આ દિવસ ઉજવવામાં આવે છે.

– વર્ષ ૨૦૧૯ થીમ : ‘Volunteer for an inclusive future”

**(૩) Special Protection Group (સંશોધન) બિલ–૨૦૧૯**

– તાજેતરમાં Special Protection Group (સંશોધન) બિલ–૨૦૧૯ લોકસભા બાદ રાજ્યસભામાં પણ પસાર થયું.

– કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહે આ બિલ દેશના બંને ગૃહોમાં રજૂ કર્યું હતું.

– Special Protection Group (સંશોધન) બિલ – ૨૦૧૯ દ્વારા Special Protection Group એક્ટ ૧૯૮૮માં ૫મી વખત સંશોધન કરવામાં આવી રહ્યું છે.

– Special Protection Group (સંશોધન) બિલ – ૨૦૧૯માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ દેશમાં SPG સુરક્ષા માત્ર પ્રધાનમંત્રીશ્રી અને સરકારી નિવાસસ્થાને રહેતા તેમના પરિવરના સભ્યોને જ મળશે.

– દેશના પૂર્વ પ્રધાનમંત્રી અને સરકારી નિવાસસ્થાને રહેતા તેમના પરિવારના સભ્યોને તેમના પદ છોડ્યા બાદના પાંચ વર્ષ સુધી જ SPG સુરક્ષા મળશે.

- થોડા સમય અગાઉ કેન્દ્ર સરકાર દ્વારા કોંગ્રેસ પક્ષના અધ્યક્ષ સોનિયના ગાંધી રાહુલ ગાંધી તથા પ્રિયંકા ગાંધી વાડ્રાને આપવામાં આવેલ સિક્યુરિટી સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (SPG) હટાવી લેવામાં આવી હતી.

**Special Protection Group**

- દેશના પ્રથમ મહિલા પ્રધાનમંત્રીશ્રી ઇન્દિરા ગાંધીની હત્યા બાદ ૩૦ માર્ચ ૧૯૮૫ના રોજ દેશના પ્રધાનમંત્રી (વર્તમાન તેમજ પૂર્વ) અને તેમના પરિવારની સુરક્ષા માટે આ દળની સ્થાપના કરવામાં આવી હતી.
- ભારતીય સંસદ દ્વારા Special Protection Group એક્ટ ૧૯૮૮ દ્વારા આ દળનું સંચાલન કરવામાં આવતું હતું.
- હાલ એસપીજીમાં ૩૦૦૦ જેટલા જવાનો કાર્યરત છે.
- આ દળ કેન્દ્ર સરકારના કેબિનેટ સચિવાલય હેઠળ કાર્ય કરે છે.
- તેનું મુખ્યાલય નવી દિલ્હી ખાતે આવેલ છે.
- એસપીજીનું આદર્શ વાક્ય શૌર્યમ્, સમર્પણમ્, સુરક્ષણમ્ છે.
  (Bravery, Dedication, Security)

**(૪) ઇટ રાઇટ સ્ટેશન પ્રમાણપત્ર – મુંબઇ સેન્ટ્રલ રેલવે સ્ટેશન :**

- તાજેતરમાં Food Safety and Standards Authority of India દ્વારા મહારાષ્ટ્રના મુંબઇ ખાતેના સેન્ટ્રલ રેલવે સ્ટેશનને ફોર સ્ટાર રેટિંગ સાથે ઇટ રાઇટ સ્ટેશન પ્રમાણપત્ર આપવામાં આવ્યું.
- આ સાથે FSSAI દ્વારા ઇટ રાઇટ સ્ટેશન પ્રમાણપત્ર મેળવનાર મુંબઇ સેન્ટ્રલ રેલવે સ્ટેશન દેશનું પ્રથમ સ્ટેશન બન્યું.
- FSSAI દ્વારા ઇટ રાઇટ સ્ટેશન અભિયાન વર્ષ ૨૦૧૮માં લોન્ચ કરવામાં આવ્યું છે.
- FSSAI- Food Safety and Standards Authority of India
- દેશમાં ખાદ્ય સુરક્ષાની દેખરેખ અને નિયંત્રણ માટે Food Safety and Standards Act-2006 અંતર્ગત– FSSAI ની સ્થાપના વર્ષ ૨૦૧૧માં કરવામાં આવી હતી.
- આ સંસ્થા આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- તેનું મુખ્યમથક નવી દિલ્હી ખાતે આવેલ છે.

**(૫) પૃથ્વી–૨ મિસાઇલનું પરીક્ષણ :**

- તાજેતરમાં ઓડિશાના ચાંદીપુર ખાતેના ઇન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જના મોબાઇલ લોનચરની મદદથી પૃથ્વી–૨ મિસાઇલનું પરીક્ષણ રાત્રિ દરમ્યાન સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.
- નવેમ્બર ૨૦૧૯ દરમ્યાન સ્વદેશી બનાવટની આ પૃથ્વી–૨ મિસાઇલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- પૃથ્વી–૨ મિસઇલ જમીનથી જમીન પર પોતાના લક્ષ્યને સાધનાર મિસાઇલ છે.
- તેની રેન્જ ૩૫૦ કિમી છે. તે ૫૦૦ કિલોગ્રામ વોરહેડનું વજન વહન કરવા સક્ષમ છે.
- આ મિસાઇલ્ને ઇંટીગ્રેટેડ મિસાઇલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત ડીઆરડીઓ દ્વારા વિકસાવવામાં આવી છે.

પ્રશ્નો :

૧ આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ ક્યારે મનાવાય છે ?
- ૫ ડિસેમ્બર

૨ આંતરરાષ્ટ્રીય સ્વંયસેવક દિવસ-૨૦૧૯જની થીમ જણાવો ?
- ‘Volunteer for an inclusive future”

૩ Special Protection Group બીલ બંને ગૃહમાં રજૂ કોણે કર્યું હતું ?
- અમિત શાહ

૪ ઇટ રાઇટ સ્ટેશન પ્રમાણપત્ર મેળવનાર દેશનું પ્રથમ સ્ટેશન જણાવો ?
- મુંબઇ સેન્ટ્રલ રેલવે સ્ટેશન

૫ FSSAI દ્વારા ઇટ રાઇટ સ્ટેશન અભિયાન કયાં વર્ષમાં લોન્ચ કરવામાં આવ્યું હતું ?
- ૨૦૧૮માં

૬ પૃથ્વી-૨ મિસાઇલની રેન્જ જણાવો ?
- ૩૫૦ કિ.મી.

## 6. December. 2019

**(૧) ડૉ. બાબાસાહેબ આંબેડકર નિર્વાણ દિન**

- ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરનો આજે નિર્વાણ દિન
- ડૉ. બાબાસાહેબ આંબેડકર નો જન્મ ૧૪ એપ્રિલ ૧૮૯૧ના રોજ મધ્યપ્રદેશના મહુમાં થયો હતો.
- પુરૂનામ – ડૉ. ભીમરામ રામજીભાઈ આંબેડકર
- તેમનું મૃત્યુ ૬ ડિસેમ્બર ૧૯૫૬ના રોજ દિલ્લી ખાતે થયું હતું.
- ભારત સરકાર દ્વારા તેમના જન્મદિવસ નિમિત્તે સમરસતા દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ ૧૯૯૦માં તેમણે મરણોપરાંત ‘ભારત રત્ન’ થી સન્માનીત કર્યા હતા.
- વર્ષ ૨૦૧૬માં ભારત સરકાર દ્વારા તેમની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી તેમાં તેમને ‘વિશ્વના પ્રણેતા’ કહી સન્માન આપવામાં આવ્યું હતું.
- બાબાસાહેબ પ્રથમ ભારતીય વ્યક્તિ છે જેમની જન્મજયંતિની ની ઉજવણી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કરવામાં આવી હોય.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા અગાઉ વિશ્વના માત્ર બે મહાપુરૂષોની જન્મ જયંતિ ઉજવવામાંઅ ાવી છે.
  ૧. માર્ટિન લ્યુથર કિંગ
  ૨. નેલ્સન મંડેલા

**બાબા સાહેબનું રાષ્ટ્રને યોગદાન :**

- ડૉ. આંબેડકરનું રાષ્ટ્રમાં અમૂલ્ય યોગદાન છે. તેઓએ અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર ક્ષેત્રે આધુનિક ભારતમાં યોગદાન આપ્યું છે.

- વર્ષ ૧૯૨૩માં શૈક્ષણિક અને આર્થિક દ્રષ્ટિએ પછાત વર્ગો માટે તેમણે 'બહિષ્કૃત હિતકારિણી સભા' ની સ્થાપના કરી હતી.
- જાતિવાદને દેશમાથી નાબૂત કરવા ડૉ. આંબેડકર દ્વારા 'શિક્ષિત બનો, સંગઠિત બનો અને આંદોલન કરો' નો નારો આપ્યો હતો.
- વર્ષ ૧૯૨૭માં તેમણે જળ સંશાધનો માટેની અસ્પૃશ્યતા નાબૂત કરવા મહારાષ્ટ્રના મહાડમાં આંદોલન કર્યું હતું.
- વર્ષ ૧૯૩૦માં નાસિક ખાતે આવેલ કાલારામ મંદિરમાં પ્રવેશ માટે તેમના નેતૃત્વમાં આંદોલન થયું હતું.
- તેમણે સપ્ટેમ્બર ૧૯૩૧માં યોજાયેલ બીજી ગોળમેજી પરિષદમાં શૈક્ષણિક અને આર્થિક દ્રષ્ટિએ પછતા વર્ગો માટે અલગ મતાધિકાર અને અલગ અનામત બેઠકની માંગણી કરી હતી.
- વર્ષ ૧૯૩૬માં તેમણે 'સ્વતંત્ર મજુર પક્ષ' ની સ્થાપના કરી હતી.
- ડૉ. આંબેડકરે હિલ્ટન કમિશન (જેને રોયલ કમિશન ઓફ ઇન્ડિયન કરન્સી ઍન્ડ ફાઇનાન્સ પણ કહેવામાં આવતું હતું) ને આપેલી ગાઇડલાઇડનના આધારે ભારતીય રિઝર્વ બેન્કની કલ્પના કરવામાં આવી.
- તેમણે ભારતીય બંધારણનો ડ્રાફ્ટ તૈયાર કર્યો હતો તેથી તેઓને ભારતીય બંધારણના પિતા તરીકે ઓળખવમાં આવે છે.
- ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણ સભાએ તેમના નેતૃત્વમાં તૈયાર કરાયેલા બંધારણનો સ્વીકાર કર્યો.
- ઓગસ્ટ ૧૯૪૭માં રચાયેલ વચગાળાની સરકારમાં આંબેડકર ભારતના પ્રથમ કાયદા પ્રધાન બન્યા હતા.
- વર્ષ ૧૯૫૦માં ડૉ. આંબેડકર શ્રીલંકામાં યોજાયેલા બૌદ્ધ સંમેલનમાં ગયા હતા. ત્યાંથી તેઓ રંગૂનના બૌદ્ધ સંમેલનમાં પણ ગયા.
- વર્ષ ૧૯૫૨માં અમેરિકાના ન્યુયોર્ક ખાતે આવેલ કોલંબિયા યુનિવર્સિટીએ તેમને 'ડોક્ટર એટ લૉ' ની પદવી આપી હતી.
- વર્ષ ૧૯૫૩માં ઓસ્માનિયા યુનિવર્સિટી દ્વારા તેમણે પત્ની સાથે બૌદ્ધ ધર્મ અંગીકર કર્યો હતો.

**બાબા સાહેબ સાથે સંકળાયેલ સ્થળો**

૧. જન્મભૂમિ મહુ, મહારાષ્ટ્ર
૨. દીક્ષા ભૂમિ– નાગપુર, મહારાષ્ટ્ર
૩. ચૈતન્ય ભૂમિ – મુંબઇ, મહારાષ્ટ્ર
૪. ડૉ. આંબેડકર રાષ્ટ્રીય સ્મારક– ૨૬ અલીપુર રોડ, દિલ્લી
૫. ડૉ. આંબેડકર સ્મારક – લંડન

'મારૂ સામાજીક તત્વજ્ઞાન ત્રણ જ શબ્દોમાં ગૂંથયેલું છે. સ્વતંત્રતા, સમતા અને બંધુતા..' – ડૉ. બાબા સાહેબ આંબેડકર

**(૨) સુંદર પિચાઇ – આલ્ફાબેટ કંપનીના CEO**

- તાજેતરમાં વિશ્વની સૌથી વધુ વેલ્યુએબલ કંપનીઓ પૈકીની આલ્ફાબેટ કંપનીના CEO તરીકે ભારતીય મૂળના સુંદર પિચાઇની નિમણૂક થઇ.
- આલ્ફાબેટ કપની ગુગલની પેરેન્ટ કંપની છે.
- વર્ષ ૨૦૧૫થી સુંદર પિચાઇ ગૂગલના CEO તરીકે ફરજ બજાવે છે.
- આલ્ફાબેટ કંપનીના CEO તરીકે તેમણે લેરી પેજનું સ્થાન લીધું છે.
- આલ્ફાબેટ કંપની તરીકે ઓળખાતી આ કંપનીની સ્થાપના Alphabet Inc. તરીકે લેરી પેજ અને સર્ગે બ્રિને કરી હતી.
- આલ્ફાબેટ અને ગૂગલનું વડુમથક અમેરિકાના કેલિફોર્નિયા ખાતે આવેલ છે. સુંદર પિચાઇનું મૂળનામ પિચાઇ સુંદરરાજન છે. તેમનો જન્મ તમિલનાડુના મુદુરાઇમાં વર્ષ ૧૯૭૨માં થયો હતો.

**(૩) પ્રિયંકા ચોપરા – ડેની કાયે માનવતાવાદી પુરસ્કાર :**

- તાજેતરમાં બૉલીવુડ અભિનેત્રી પ્રિયંકા ચોપરાને યુનિસેફ દ્વારા ડે ની કાયે માનવતાવાદી પુરસ્કાર (Danny Kaye Humanitarian Award) થી સન્માનીત કરવામાં આવ્યા.
- જૂન ૨૦૧૯ દરમ્યાન સંયુક્ત રાષ્ટ્રની શાખા યુનિસેફ દ્વારા તેમને આ પુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી હતી.
- Unicef દ્વારા તેમને આ પુરસ્કાર ન્યુયોર્ક ખાતે યોજાયેલ એક કાર્યક્રમ દરમ્યાન આપવામાં આવ્યો.
- પ્રિયંકા ચોપરા છેલ્લા ઘણા વર્ષથી યુનિસેફ સાથે ગુડવિલ એમ્બેસેડર તરીકે જોડાયેલ છે.
- ડે ની કાયે માનવતાવાદી પુરસ્કાર અમેરિકાની અભિનેત્રી ડે ની કાયેની યાદમાં આપવામાં આવે છે. તેઓ યુનિસેફના પ્રથમ સદ્‌ભાવના દુત હતા.
- યુનિસેફની સ્થાપના ૧૧ ડિસેમ્બર ૧૯૪૬ના રોજ યુનાઇટેડ નેશન્સ ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ ઇમર્જન્સી ફંડ તરીકે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કરવામાં આવી હતી.
- આ સંસ્થા વિશ્વમાં બાળકોના સ્વાસ્થ્ય, પોષણ, શિક્ષા અને વિકાસના કામ કરે છે.

પ્રશ્નો :

૧ ડૉ. બાબાસાહેબ આંબેડકર નિર્વાણદિન ક્યારે મનાવાય છે ?
- ૬ ડિસેમ્બર

૨ ડૉ. બાબાસાહેબનું પુરૂનામ જણાવો ?
- ડૉ. ભીમરાવ રામજીભાઇ આંબેડકર

૩ ડૉ. બાબાસાહેબને ભારતરત્ન ક્યારે એનાયત્ત થયો ?
- ૧૯૯૦

૪ બાબાસાહેબની ચૈતન્યભૂમિ જણાવો ?
- મુંબઇ, મહારાષ્ટ્ર

૫ આલ્ફાબેટ કંપનીના સીઇઓ તરીકે કોની નિમણૂક થઇ ?
- સુંદર પિચાઇ

૬ ડે ની કાયે માનવતાવાદી પુરસ્કારથી તાજેતરમાં કોને સન્માનીત કરવામાં આવ્યા છે ?
- પ્રિયંકા ચોપરા

## 7. December. 2019

**(૧) આર્મ્ડ ફોર્સીસ ફ્લેગ ડે – ૭ ડિસેમ્બર :**



Vivekanand Academy Gandhinagar

– દર વર્ષે ૭ ડિસેમ્બરના રોજ ભારત ભરમાં આર્મ્ડ ફોર્સીસ ફ્લેગ ડે એટલે કે સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
– દેશની સ્વતંત્રતા અને સન્માનનું જીવના ભોગે રક્ષણ કરનારા વીર સૈનિકો અને સશસત્ર સેનાઓ સાથે દેશની ભલી લાગણી અને તેમના કલ્યાણની ભાવનાને જોડવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
– આર્મ્ડ ફોર્સીસ ફ્લેગ ડે ની પ્રથમ ઉજવણી વર્ષ ૧૯૪૯ માં થઇ હતી અને તેનો હેતુ સેનાઓને તેમને યોગ્ય સન્માન આપવાનો હતો.

**(૨) આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ –૭ ડિસેમ્બર :**

– દર વર્ષે ૭ ડિસેમ્બરના રોજ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ મનાવવામા આવે છે.
– આ દિવસની ઉજવણી સામાજિક અને આર્થિક વિકાસ માટે આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયનના મહત્વ વિશે લોકોને જાગૃરૂક્તા કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવે છે.
– આંતરરષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસની પ્રથમ ઉજવણી વર્ષ ૧૯૯૪ માં કરવામાં આવી હતી.

**(૩) રેપોરેટ – ભારતીય રિઝર્વ બેન્ક :**

– તાજેતરમાં ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસની અધ્યક્ષતામાં મોનિટરી પોલિસી કમિટીની બેઠકમાં રેપો રેટને ૫.૧૫% યથાવત રખવાનું નક્કી કર્યું.
– ભારતીય રિઝર્વ બેન્કે નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ માટેનો જીડીપી વિકાસ દરનો અનુમાન ૫% રખવાનું નક્કી કર્યું છે જે અગાઉ ૬.૧% રાખ્યો હતો.

**રેપોરેટ :**

– દેશની અન્ય વેપારી બેન્કોને ટૂંકા ગાળા માટે નાણાંની જરૂર પડે છે ત્યારે તેઓ આરબીઆઇ પાસેથી નાણું લે છે. જે દર પર આરબીઆઇ વેપારી બેન્કોને નાણું આપે છે તેને રેપોરેટ કહે છે.
– Repo rate એટલે Repurchase Rate

**રિવર્સ રેપો રેટ :**

– જ્યારે આરબીઆઇને ટૂંકા ગાળા માટે નાણાંની જરૂર પડે છે ત્યારે તે વેપારી બેન્કો પાસેથી નાણું લે છે જે દર પર આરબીઆઇ વેપારી બેન્કો પાસેથી નાણું લે છે તેને રિવર્સ રેપો રેટ કહે છે.

**રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા :**

– રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ) ની સ્થાપના ૧ એપ્રિલ ૧૯૩૫ના રોજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ ૧૯૩૪ અંતર્ગત થઇ હતી.
– શરૂઆતના વર્ષોમાં આરબીઆઇ ખાનગી બેંક તરીકે કાર્યરત હતી બાદમાં વર્ષ ૧ જાન્યુઆરી ૧૯૪૯ના રોજ તેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું.
– આરબીઆઇ ભારતની મધ્યસ્થ બેંક છે તે દેશની તમામ બેન્કોનું સંચાલન કરે છે.
– આરબીઆઇનું મુખ્યમથક મુંબઇ ખાતે આવેલ છે.
– આરબીઆઇના પ્રથમ ગવર્નર – સર ઓસ્બ્રોન સ્મિથ હતા.
– આરબીઆઇના પ્રથમ ભારતીય ગવર્નર – સી.ડી. દેશમુખ
– આરબીઆઇના વર્તમાન ગર્વનર શક્તિકાંતદાસ છે. તેઓ આરબીઆઇના ૨૫માં ગવર્નર તરીકે ૧૨ ડિસેમ્બર ૨૦૧૮થી આ પદ પર છે.

**(૪) દેશના ૫૫૦૦ રેલવે સ્ટેશન પર રેલટેલ દ્વારા રેલવાયર WIFI સેવા**

– તાજેતરમાં દેશના ૫૫૦૦ રેલવે સ્ટેશન પર રેલ ટેલ દ્વારા રેલવાયર WIFI સેવા શરૂ કરવામાં આવી.
– રેલવાયરએ રેલટેલની બ્રોડબૈંડ સર્વિસ છે, જેનો ઉદ્દેશ્ય લોકો સુધી બ્રોડબૈંડ પહોચાડવાનો છ.
– થોડા સમય અગાઉ પશ્ચિમ બંગાળનું મિદનાપુર રેલવે સ્ટેશન દેશનું ૫૦૦૦ મુ વાઇફાઇ યુક્ત રેલવે સ્ટેશન બન્યું હતું.
– રેલવે કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ ભારત સરકારનું એક સાર્વજનિક ઉપક્રમ છે.
– રેલવેની સ્થાપના સપ્ટેમ્બર ૨૦૦૦માં ભારતીય રેલવેના ટ્રેન નિયંત્રણ કામગીરી અને સલામતી વ્યવસ્થાને આધુનિક બનાવવા માટે રાષ્ટ્રવ્યાપી બ્રોડબેન્ડ બનાવવા ઉદ્દેશ્યથી કરવામાં આવી હતી.

પ્રશ્નો :

૧ આર્મ્ડ ફોર્સીસ ફ્લેગ ડે ક્યારે મનાવાય છે ?
- ૭ ડિસેમ્બર

૨ આર્મ્ડ ફોર્સીસ ફ્લેગ ડે ની પ્રથમ ઉજવણી ક્યારે કરવામાં આવી હતી ?
- ૧૯૪૯

૩ આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ ક્યારે મનાવાય છે ?
- ૭ ડિસેમ્બર

૪ હાલ ભારતીય રિઝર્વ બેન્કનો રેપો રેટ જણાવો ?
- ૫.૧૫ ટકા

૫ ભારતીય રિઝર્વ બેન્કે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માટે જીડીપી વિકાસ દરનો અનુમાન કેટલો રાખ્યો છે ?
- ૫ ટકા

૬ દેશમાં રેલટેલ દ્વારા કુલ કેટલા સ્ટેશનમાં રેલવાયર WI-FIસેવા શરૂ કરી છે ?
- ૫૫૦૦

## 8. December. 2019

**(૧) દેશના પ્રથમ કોર્પોરેટ બોન્ડ ભારત બોન્ડ એક્સચેન્જ ટ્રેડેડને મંજૂરી :**

– તાજેતરમાં દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલ આર્થિક બાબતોની કેબિનેટ દ્વારા ભારત બોન્ડ એક્સચેન્જ ટ્રેડેડની રચના અને પ્રારંભને મંજૂરી આપવામાં આવી.
– દેશમાં ભારત બોન્ડ એક્સચેન્જ ટ્રેડેડ પ્રથમ કોર્પોરેટ બોન્ડ છે.
– આર્થિક બાબતોની કેબિનેટ દ્વારા સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એંડરટેકિંગ્સ (CPSUs), સેન્ટ્રલ પબ્લીક સેક્ટર એન્ટરપ્રાઇઝીસ (CPSEs) સેન્ટ્રલ પબ્લિક ફાઇનાન્શિયલ ઇન્સ્ટિટ્યુટ (CPSIs) અને અન્ય સરકારી સંગઠનો માટે વધારાના આવક સ્રોત બનાવવા માટે ભારત બોન્ડ એક્સચેન્જ ટ્રેડેડ અંતર્ગત તમામ બોન્ડ



Vivekanand Academy Gandhinagar

બોન્ડ્સના રેટિંગ મુજબના સર્વોચ્ચ રેટિંગ ધરાવતા બોન્ડ હશે (AAA) રેટેડ.

- આ બોન્ડની કિંમત ૧૦૦૦ રૂ. હશે. તેની લે વેચ નેશનલ સ્ટોક એક્સચેન્જ પરથી લઇ શકશે.
- આ તમામ બોન્ડ અગાઉ નક્કી કરેલ પાકતી મુદ્દત ધરાવતા હશે જેમાં ૩ વર્ષ અને ૧૦ વર્ષ એમ બે પ્રકારની મુદ્દત હશે.

**(૨) હેન્ડ ઇન હેન્ડ સંયુક્ત યુદ્ધ અભ્યાસ – ભારત અને ચીન**

- તાજેતરમાં ભારત અને ચીન વચ્ચે મેઘાલયના શિલોંગ નજીક આવેલ ઊમરોઇ ખાતે હેન્ડ ઇન હેન્ડ યુદ્ધ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું.
- આ અભ્યાસમાં બંને દેશના ૧૨૦ થી વધુ સૈનિકો ભાગ લઇ રહ્યા છે.
- ૭ ડિસેમ્બર થી ૨૦ ડિસેમ્બર દરમ્યાન યોજનાર આ અભ્યાસમાં બંને દેશોની સેના વચ્ચે પરસ્પર સંકલન, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને આતંકવાદી વિરોધી કામગીરીની તામલી આપવામાં આવશે.
- ભારત અને ચીન વચ્ચે આ વર્ષે ૮ મો હેન્ડ ઇન હેન્ડ યુદ્ધ અભ્યાસ છે.
- સંયુક્ત યુદ્ધ અભ્યાસ હેન્ડ ઇન હેન્ડની શરૂઆત ચીનમાં વર્ષ ૨૦૦૭માં થઇ હતી.
- આ યુદ્ધ અભ્યાસનું બીજું આયોજન ભારતના કર્ણાટકમાં કરવામાં આવ્યું હતું.
- બાદમાં આ અભ્યાસ વર્ષ પાંચ વર્ષ સુધી બંધ રહ્યા બાદ વર્ષ ૨૦૧૩ થી તેનું આયોજન દર વર્ષે ભારત અને ચીનમાં કરવામાં આવે છે.

**(૩) નીરવ મોદી– ભાગેડુ આર્થિક અપરાધી ઘોષિત :**

- તાજેતરમાં મુંબઇની ભાગેડુ આર્થિક અપરાધ અધિનિયમ કોર્ટે હીરાના ઉદ્યોગપતિ નીરવ મોદીને ભાગેડુ આર્થિક અપરાધી ઘોષિત કરવામાંઆ ાવ્યો.
- એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની અરજીના આધારે કોર્ટે ૨ અબજ ડોલરના પંજાબ નેશનલ બેન્ક છેતરપિંડી કેસમાં મુખ્ય આરોપી જાહેર કર્યો છે.
- ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં અસ્તિત્વમાં આવેલ ફ્યુજીટીવ ઇકોનોમિક ઓફેન્ડર એક્ટની જોગવાઇ મુજબ વિજય માલ્યાને દેશનો પ્રથમ ભાગેડુ આર્થિક અપરાધી ઘોષિત કરવામાં આવ્યો હતો.
- વિજય માલ્યા બાદ નીરવ મોદી દેશનો બીજો એવો કારોબારી છે જેને ભાગેડુ આર્થિક અપરાધી ઘોષિત કરવામાં આવ્યો.
- નીરવ મોદી પર લગભગ ૧૪૦૦૦ કરોડના ગોટાળાનો આરોપ છે. ફેબ્રુઆરી ૨૦૧૭માં તેના વિરુદ્ધ ગોટાળા સંબંધિત કેસ દાખલ થયો હતો.
- માર્ચ ૨૦૧૮માં નીરવ મોદીની લંડનમાં ધરપકડ કરવામાં આવી હતી.
- કોઇપણ વ્યક્તિ સામે ઓછામાં ઓછા ૧૦૦ કરોડ અથવા તેથી વધુ આર્થિક ગુનામાં ધડપકડનું વોરંટ નીકળ્યું હોય અને તે કાનૂની કાર્યવાહીથી બચવા ભારતથી ભાગી વિદેશમાં વસવાટ કરતો હોય તેને ભાગેડુ આર્થિક અપરાધી ઘોષિત કરવામાં આવે છે.
- ફ્યુજીટીવ ઇકોનોમિક ઓફેન્ડર એક્ટ અંતર્ગત અપરાધી જાહેર થયેલ આરોપીની સંપતિ જપ્ત કરી તેનું વેચાણ કરવામાં આવે છે.

**એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ :**

- એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની સ્થાપના ૧ મે ૧૯૫૬માં એન્ફોર્સમેન્ટ યુનિટ અથવા ઇકોનોમિક એજન્સી તરીકે કરવામાં આવી હતી.
- આ સંસ્થા દેશમાં આર્થિકા કાયદાઓ લાગુ કરવા અને આર્થિક ગુનાઓ સામે લડવા માટે જવાબદાર છે.
- આ સંસ્થા કેન્દ્રીય નાણાં મંત્રાલયના રેવન્યુ વિભાગ અંતર્ગત કાર્ય કરે છે.
- તેનું મુખ્યમથક નવી દિલ્હી ખાતે આવેલ છે.

પ્રશ્નો :

૧ ભારત બોન્ડ એક્સચેન્જ ટ્રેડેડની રચના અને પ્રારંભને મંજૂરી કોણે આપી હતી ?

- નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક કેબિનેટ

૨ હેન્ડ ઇન હેન્ડ સંયુક્ત યુદ્ધ અભ્યાસ કયા બે દેશ વચ્ચે યોજાયો હતો ?

- ભારત અને ચીન

૩ દેશના પ્રથમ ભાગેડુ આર્થિક અપરાધી કોને ઘોષિત કરવામાં આવ્યા હતા ?

- વિજય માલ્યા

૪ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટનું મુખ્યમથક કયાં આવેલું છે ?

- નવી દિલ્હી

## 9. December. 2019

**(૧) આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ–૯ ડિસેમ્બર**

- દર વર્ષે વિશ્વભરમાં ૯ ડિસેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ ઉજવવામાં આવે છે.
- ભ્રષ્ટાચાર સામે જાગૃતતા લાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૩૧ ઓક્ટોબર ૨૦૦૩ના રોજ આ દિવસ મનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- વર્ષ ૨૦૧૯ થીમ – "United Against Corruption - Take action- Lead the change - be the change"

**(૨) દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ (કેન્દ્રશાસિત પ્રદેશોનું મર્જર) બિલ –૨૦૧૯**

- તાજેતરમાં દેશના બે કેન્દ્રશાસિત પ્રદેશોના વિલય માટેનું દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ (કેન્દ્રશાસિત પ્રદેશોનું મર્જર) બિલ ૨૦૧૯ લોકસભા અને રાજ્યસભા બંનેમાં પસાર કરવામાં આવ્યું.
- કેન્દ્રીય ગૃહમંત્રીશ્રિ અમિત શાહે આ બિલને લોકસભામાં રજૂ કર્યું હતું.
- દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ (કેન્દ્રશાસિત પ્રદેશોનું મર્જર) બિલ ૨૦૧૯ ની જોગવાઇ અનુસાર બંને કેન્દ્રશાસિત પ્રદેશો દાદરા નગર હવેલી તથા દમણ અને દીવને મર્જ કરી એક નવા કેન્દ્રશાસિત પ્રદેશની રચના કરવામાં આવશે.

- મર્જર બાદ નવા રચાયેલા કેન્દ્રશાસિત પ્રદેશનું નામ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ હશે.
- મર્જર બાદ બંને કેન્દ્રશાસિત પ્રદેશનું ન્યાયક્ષેત્ર બોમ્બે હાઇકોર્ટ રહેશે જે અગાઉ પણ તે જ હતું.
- આ બિલને રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા બાદ દેશમાં કેન્દ્રશાસિત પ્રદેશની કુલ સંખ્યા ૯ થી ઘટીને ૮ થઇ જશે.

**(૩) સ્વીડનના રાજા કાર્લ ગુસ્તાફનો ભારત પ્રવાસ :**

- તાજેતરમાં સ્વીડનના રાજા કાર્લ ગુસ્તાફ અને રાણી સિલ્વિયા પોતાની પાંચ દિવસીય યાત્રા ભારત યાત્રા પર આવ્યા.
- સ્વીડનના રાજા કાર્લ ગુસ્તાફ સોળમાં તેમના પત્ની સાથેની આ યાત્રા માટે એર ઇન્ડિયાની કોમર્શિયલ ફ્લાઇટનો ઉપયોગ કર્યો હોય.
- તેમણે તેમની આ યાત્રા દરમ્યાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ સાથે મુલાકાત કરી હતી.
- તેમની આ યાત્રા દરમ્યાન ભારત અને સ્વીડન વચ્ચે ત્રણ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

પ્રશ્નો :

૧ આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ ક્યારે મનાવાય છે ?
- ૯ ડિસેમ્બર

૨ કેન્દ્રશાસિત પ્રદેશોનું મર્જર બિલ-૨૦૧૯ લોકસભામાં કોણે રજુ કરાવ્યું હતું ?
- અમિત શાહ

૩ સ્વીડનના રાજાનું નામ જણાવો ?
- કાર્લ ગુસ્તાફ

૪ હાલના રાષ્ટ્રપતિનું નામ જણાવો ?
- રામનાથ કોવિંદ

૫ હાલ કેન્દ્રશાસિત પ્રદેશોની સંખ્યા જણાવો ?
- ૯

## 10. December. 2019

**(૧) વિશ્વ માનવ અધિકાર દિવસ – ૧૦ ડિસેમ્બર :**

- દર વર્ષે ૧૦ ડિસેમ્બરના રોજ પર વિશ્વ માનવ અધિકાર દિવસ ઉજવવામાં આવે છે.
- ભારત સરકારે ૧૨ ઓક્ટોબર ૧૯૯૩ના રોજ રાષ્ટ્રીય માનવ અધિકાર કમિશનની રચના કરી હતી.
- વર્ષ ૨૦૧૯ થીમ – Youth standing up for Human Rights

**રાષ્ટ્રીય માનવ અધિકર પંચ :**

- રાષ્ટ્રીય માનવ અધિકાર પંચની સ્થાપના ૧૨ ઓક્ટોબર ૧૯૯૩ના રોજ પ્રોટેક્શન ઓફ હ્યુમન રાઇટ્સ એક્ટ ૧૯૯૩ અંતર્ગત કરવામાં આવી હતી.
- આ પંચ જીવન, સ્વાતંત્ર્ય, સમાનતા અને માન વગેરે જેવા મૂળભૂત માનવ અધિકારના રક્ષણ માટે કામ કરે છે.
- તેનું મુખ્ય મથક નવી દિલ્હીમાં આવેલું છે.
- હાલમાં રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના અધ્યક્ષ ન્યાયાધીશ એચ.એલ. દત્તુ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના મહાસચિવ અંબુજ શર્મા છે.

**(૨) લિયોનેલ મેસ્સી – બાલોન' ડી ઓર એવોર્ડ–૨૦૧૯**

- તાજેતરમાં આર્જેન્ટિનાના પ્રસિદ્ધ ફૂટબોલર લિયોનેલ મેસ્સીને બાલોન'ડી ઓર એવોર્ડ ૨૦૧૯ થી સન્માનિત કરવામાં આવ્યા.
- ફ્રાન્સના પેરિસ ખાતે યોજાયેલા સમારોહમાં તેમને આ સન્માન આપવામાં આવ્યું.
- આ સન્માન ફ્રાન્સ ફૂટબોલ દ્વારા દર વર્ષે વિશ્વના શ્રેષ્ઠ ફૂટબોલરને એનાયત કરવામાં આવે છે.
- આ સાથે જ મેસી સૌથી વધુ વખત આ એવોર્ડ જીતનાર વિશ્વના પ્રથમ ફૂટબોલર બન્યા છે તેમણે કુલ છ વખત આ સન્માન જીત્યું છે.
- આર્જેન્ટિનાના પ્રસિદ્ધ ફૂટબોલર લિયોનેલ મેસ્સી આર્જેન્ટિનાનાં નેશનલ ટીમ તેમજ સ્પેનની બાર્સેલોના ફૂટબોલ ક્લબના કેપ્ટન છે.
- તેમની સાથે અમેરીકાના મહિલા ખેલાડી મેગન રેપીનોને પણ મહિલાઓ માટેના બાલોન'ડી ઓર એવોર્ડ –૨૦૧૯ થી સન્માનિત કરવામાં આવ્યા.
- વર્ષના શ્રેષ્ઠ પુરૂષ ફૂટબોલર અંડર–૨૧ માટે આપવામાં આવતું સન્માન કોપા ટ્રોફી મેથીજસ દ લાઇટને મળ્યું જે નેધરલેન્ડના છે.
- જ્યારે શ્રેષ્ઠ ગોલકીપર માટે આપવામાં આવતું સન્માન યાશીન ટ્રોફી બ્રાઝીલના એલિસનને આપવામાં આવ્યું.

**(૩) ફિનલેંડના સેનાં મેરીન વિશ્વના સૌથી યુવા પ્રધાનમંત્રી :**

- તાજેતરમાં ૩૪ વર્ષીય સેનાં મેરીન ફિનલેંડના પ્રધાનમંત્રી બન્યા.
- તેઓ ફિનલેંડ અને વિશ્વના સૌથી યુવા પ્રધાનમંત્રી બન્યા છે.
- તેઓ ફિનલેંડની સોશિયલ ડેમોક્રેટીક પાર્ટી ઓફ ફિનલેંડ પાર્ટીના સભ્ય છે.
- તેઓ ૧૦ ડિસેમ્બર ૨૦૧૯ થી ઓપચારિક રીતે પ્રધાનમંત્રી તરીકે કાર્ય શરૂ કરશે.
- આ અગાઉ યુક્રેનના પ્રધાનમંત્રી ઓલેક્સી હોનચાર્ક વિશ્વના સૌથી નાની વયના ધરાવતા પ્રધાનમંત્રી હતા તેઓ ૩૫ વર્ષના છે.
- ભારતના સૌથી યુવા પ્રધાનમંત્રી રાજીવ ગાંધી છે તેઓ ૪૦ વર્ષની વયે પ્રધાનમંત્રી બન્યા હતા.

પ્રશ્નો :

૧ વિશ્વ માનવ અધિકાર દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧૦ ડિસેમ્બર

૨ વિશ્વ માનવ અધિકાર દિવસ -૨૦૧૯ની થીમ જણાવો ?
- Youth standing up for Human Rights

૩ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૧૨ ઓક્ટોબર ૧૯૯૩

૪ બાલોન' ડી ઓર એવોર્ડ -૨૦૧૯ વિજેતા જણાવો ?
- લિયોનેલ મેસ્સી

૫ મહિલાઓના બલોન ડી ઓર એવોર્ડ -૨૦૧૯ વિજેતા જણાવો ?
- મેગન રેપીનો

Vivekanand Academy Gandhinagar

૬ વિશ્વના સૌથી યુવા પ્રધાનમંત્રીનું નામ જણાવો ?
- સેના મેરીન (ફિનલેન્ડ)

## 11. December. 2019

**(૧) આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ :**

– દર વર્ષે ૧૧ ડિસેમ્બરના રોજ વિશ્વભરમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય પર્વત દિવ્સ મનાવવામાં આવે છે.
– વિશ્વના પર્વતોની જાળવણી અને તેના ઇતિહાસને જાળવી રાખવા માટે વર્ષ ૨૦૦૩માં ૧૧ ડિસેમ્બરે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા એક ઠરાવ પસાર કર્યો હતો ત્યારથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
– વર્ષ ૨૦૧૯ થીમ –Mountains Matter for youth

**(૨) યુનિસેફ દિવસ :**

– દર વર્ષે ૧૧ ડિસેમ્બરના રોજ વિશ્વભરમાં યુનિસેફ દિવસ મનાવવામાં આવે છે.
– આ દિવસની ઉજવણી યુનિસેફના સ્થાપના દિવસની નિમતે કરવામાં આવે છે.
– ૧૧ ડિસેમ્બર ૧૯૪૬ના રોજ યુનાઇટેડ નેશન્સ ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ ઇમર્જન્સી ફંડ તરીકે સ્થાપના કરી હતી.
– વડુ મથક – ન્યુયોર્ક

**(૩) દેશના શ્રેષ્ઠ ૧૧ પોલીસ સ્ટેશન :**

– તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯ના દેશના શ્રેષ્ઠ ૧૦ પોલીસ સ્ટેશનની યાદી જાહેર કરવામાં આવી.
– આ યાદીમાં કેન્દ્રશાસિત પ્રદેશ અંદમાન નિકોબારના અંદમાન જિલ્લાનું અબેરદિન પોલીસ સ્ટેશન પ્રથમ સ્થાને રહ્યું.
– આ યાદીમાં બીજા સ્થાને ગુજરાત રાજ્યના મહીસાગર જિલ્લાનું બાલાસિનોર પોલીસ સ્ટેશન બીજા સ્થાને છે.
– આ યાદીમાં મધ્યપ્રદેશના બુરહાન જિલ્લાનું એજેકે બુરહાનપુર પોલીસ સ્ટેશન અને તમિલનાડુના થેની જિલ્લાનું છે. એ. ડબલ્યુ પી.એસ. થેની પોલીસ સ્ટેશન ત્રીજા અને ચોથા સ્થાને છે.
– કેન્દ્ર સરકાર દ્વારા આ સર્વેમાં ૧૫૫૭૯ પોલીસ સ્ટેશન પૈકી શ્રેષ્ઠ ૧૦ પોલીસ સ્ટેશનની પસંદગી કરવામાં આવી છે.
– વર્ષ ૨૦૧૫માં ગુજરાતના કચ્છ ખાતે યોજાયેલ ડીજીપી કોન્ફરન્સ દરમ્યાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ આ રેંકિંગ કરવાનું સૂચવ્યું હતું.
– જેમાં અલગ અલગ રાજ્યમાંથી મિલકત સંબંધિત ગુનાઓ, મહિલા વિરૂદ્ધના ગુનાઓ, નબળા વર્ગ વિરૂદ્ધના ગુનાઓના આધારે દરેક રાજ્યમાંથી રાજ્યમાં શ્રેષ્ઠ પ્રદર્શન ધરાવતા પોલીસ સ્ટેશનની યાદી તૈયાર કરવામાં આવે છે.
– બાદમાં વિવિધ ૧૯ માપદંડોના આધારે દેશના શ્રેષ્ઠ ૧૦ પોલીસ સ્ટેશનની યાદી તૈયાર કરવામાં આવે છે.

**(૪) ઝીજીબીની તુન્ઝી –મિસ યુનિવર્સ – ૨૦૧૯**

– તાજેતરમાં અમેરિકાના જ્યોર્જિયા રાજ્યની રાજધાની એટલાન્ટા ખાતે મિસ યુનિવર્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.
– આ સ્પર્ધામાં દક્ષિણ આફ્રિકાથી ઝિજીબીની તુન્ઝીએ મિસ યુનિવર્સ ૨૦૧૯નો તાજ જિત્યો.
– આ સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ મિસ દિવા –૨૦૧૯ વિજેતા વર્તીકા સિંહે કર્યું હતું.
– મિસ યુનિવર્સ ૨૦૧૯ વિજેતા ઝીજીબીની તુન્ઝીને મિસ યુનિવર્સ ૨૦૧૮ કેટરીઓના ગ્રે એ તાજ પહેરાવ્યો હતો.
– કેટરીઓના ગ્રે ફિલિપિન્સની વતની છે.
– મિસ યુનિવર્સ, મિસ વર્લ્ડ, મિસ અર્થ અને મિસ ઇન્ટરનેશનલ પૈકીની વિશ્વની સર્વોચ્ચ સૌંદર્ય મિસ યુનિવર્સની શરૂઆત ૧૯૫૨માં થઇ હતી.
– હાલ સુધીમાં આ સ્પર્ધામાં બે ભારતીય યુવતીઓએ ખિતાબ જીત્યો છે જેમાં સુસ્મિતા સેન વર્ષ (૧૯૯૪) અને લારા દત્તા (૨૦૦૦) નો સમાવેશ થાય છે.

પ્રશ્નો :

૧ આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧૧ ડિસેમ્બર

૨ આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ-૨૦૧૯ની થીમ જણાવો ?
- Mountains Matter for youth

૩ યુનિસેફ દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧૧ ડિસેમ્બર

૪ યુનિસેફનું વડુમથક કયાં આવેલું છે ?
- ન્યુયોર્ક

૫ દેશના શ્રેષ્ઠ ૧૦ પોલીસ સ્ટેશનમાં પ્રથમ નંબરના પોલીસ સ્ટેશનનું નામ જણાવો ?
- અબેરદિન પોલીસ સ્ટેશન (અંદામાન)

૬ મિસ યુનિવર્સ -૨૦૧૯ વિજેતા જણાવો ?
- ઝીજીબીની તુન્સી

## 12. December. 2019

**(૧) ઇન્ટરનેશનલ યુનિવર્સલ હેલ્થ કવરેજ ડે – ૧૨ ડિસેમ્બર**

– દર વર્ષે ૧૨ ડિસેમ્બરના રોજ વિશ્વભરમાં ઇન્ટરનેશનલ યૂનિવર્સલ હેલ્થ કવરેજ ડે ઉજવવામાં આવે છે.
– આ દિવસની ઉજવણી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા કરવામાં આવે છે.
– આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય સાર્વત્રિક આરોગ્ય કવરેજની જરૂરિયાત અને મજબૂત આરોગ્ય પ્રણાલી ઉપલબ્ધ કરાવવા પર ભાર મૂકવાનો છે.
– વર્ષ ૨૦૧૯ થીમ – Keep the promise

**(૨) સંયુક્ત યુદ્ધ અભ્યાસ ઇન્દ્ર –૨૦૧૯**

– તાજેતરમાં ઉત્તર પ્રદેશના ઝાંસી પાસેના બબીના, પુણે અને ગોવા ખાતે સંયુક્ત યુદ્ધ અભ્યાસ ઇન્દ્ર –૨૦૧૯ નો પ્રારંભ થયો..
– આ યુદ્ધ અભ્યાસમાં ભારત અને રશિયાની ત્રણે સેના આર્મી, નેવી અને એરફોર્સ ભાગ લઇ રહી છે.
– ભારત અને રશિયા વચ્ચે ઇન્દ્ર યુદ્ધ અભ્યાસની શરૂઆત વર્ષ ૨૦૦૩માં થઇ હતી.
– જેમાં વર્ષ ૨૦૧૭ થી બંને દેશની ત્રણેય સેનાઓ ભાગ લઇ રહી છે.

**(૩) દેશની પાંચ કોલસાની ખાણોની વિવિધ કંપનીઓને ફાળવણી :**

- તાજેતરમાં કેન્દ્ર સરકારના કોલસા મંત્રાલય દ્વારા દેશની પાંચ કોલસાની ખાણોની વિવિધ કંપનીઓને ફાળવણી કરી.

જે નીચે મુજબ છે.

| ખાણ | રાજ્ય | કઇ કંપનીને ફાળવવામાં આવી |
|---|---|---|
| બ્રિકમ | મધ્યપ્રદેશ | બિરલા કોર્પોરેશન લિમિટેડ |
| જગન્નાથપુર–બી | પ. બંગાળ | પાવર પ્લસ ટ્રેડર્સ પ્રાઇવેટ લિમિટેડ |
| જમખાની | ઓડીશા | વેદાંત લિમિટેડ |
| ભાસ્કરપાડા | છત્તીસગઢ | પ્રકાશ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ |

**(૪) હ્યુમન ડેવલોપમેન્ટ ઇન્ડેક્સ – ૨૦૧૯**

- તાજેતરમાં માનવ અધિકાર દિવસ નિમિત્તે સંયુક્ત રાષ્ટ્રના યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ દ્વારા હ્યુમન ડેવલોપમેન્ટ ઇન્ડેક્સ ૨૦૧૯ જાહેર કરવામાં આવ્યો.
- આ ઈન્ડેક્સમાં વિશ્વના ૧૮૯ દેશોને સ્થાન મળયું છે જેમાં ભારત ૧૨૯માં સ્થાને છે.
- વર્ષ ૨૦૧૮માં પ્રસિદ્ધ થયેલ હ્યુમન ડેવલોપમેન્ટ ઇન્ડેક્સમાં ભારત ૧૩૦ માં સ્થાને હતું.
- હ્યુમન ડેવલોપમેન્ટ ઇન્ડેક્સ ૨૦૧૯માં પ્રથમ સ્થાને નોર્વે દેશ છે.
- આ ઇન્ડેક્સમાં સ્વિટ્ઝરલેન્ડ અને આયર્લેન્ડ અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે છે.
- આ ઇન્ડેક્સમાં અંતિમ સ્થાને નાઇજર છે.
- આ ઈન્ડેક્સમાં ભારતની હ્યુમન ડેવલોપમેન્ટ ઇન્ડેક્સ વેલ્યુ ૦.૬૪૭ છે.
- આ ઈન્ડેક્સ તૈયાર કરવા માટે સ્વાસ્થ્ય સુરક્ષા અપેક્ષિત આયુષ્ય ગરીબી અને શિક્ષણ જેવા માપદંડોનો આધાર લેવામાં આવે છે.
- યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ દ્વારા વર્ષ ૧૯૯૦ થી દર વર્ષે આ રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવે છે.
- આ વર્ષે આ રિપોર્ટ Beyond income, beyond averages, beyond today : Inequalities in human development in the 21st century નામથી પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

**(૫) ઇસરો દ્વારા RISAT-2BR1 સહિત કુલ ૧૦ ઉપગ્રહનું સફળ :**

- તાજેતરમાં ઇસરો દ્વારા ભારતના RISAT-2BR1 સહિત કુલ ૧૦ ઉપગ્રહનું સફળ લોન્ચિંગ કરવામાં આવ્યા.
- આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતે આવેલ સતીષ ધવન સ્પેસ સેન્ટર પરથી PSLV QLC48 રોકેટની મદદથી આ ૧૦ ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા હતા.
- ભારતના RISAT-2BR1 સિવાય અન્ય નવ ઉપગ્રહોમાં અમેરિકાના છ જાપાન ઇઝરાયેલ અને ઇટલીના એક એક ઉપગ્રહનો સમાવેશ થાય છે.

**RISAT-2BR1**

- આ ઉપગ્રહ ઇસરો દ્વારા તૈયાર કરવામાં આવેલ Radar imaging Earth ovservation Satellite છે.
- આ ઉપગ્રહ પાંચ વર્ષ સુધી સેવા આપશે.
- તેનું વજન ૬૨૮ કિલોગ્રામ છે.
- આ ઉપગ્રહની મદદથી દેશમાં જંગલ, સંરક્ષણ, ખેતી અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ જેવા ક્ષેત્રમાં મદદ થશે.
- RISAT-2BR1 ઉપગ્રહ ભારતનો ભારતના RISAT સિરિઝનો ચોથો ઉપગ્રહ છે.

પ્રશ્નો :

૧ ઈન્ટરનેશનલ યુનિવર્સલ હેલ્થ કવરેજ ડે ક્યારે મનાવાય છે ?
- ૧૨ ડિસેમ્બર

૨ ઈન્ટરનેશનલ યુનિવર્સલ હેલ્થ કવરેજ ડે-૨૦૧૯ની થીમ જણાવો ?
- Keep the promise

૩ ઈન્દ્ર-૨૦૧૯ યુદ્ધ અભ્યાસ કયાં બે દેશો વચ્ચે યોજાયો હતો ?
- ભારત અને રશિયા

૪ બિક્રમ ખાણ કયાં રાજ્યમાં આવેલ છે ?
- પશ્ચિમ બંગાળ

૫ હ્યુમન ડેવલોપમેન્ટ ઈન્ડેક્સ-૨૦૧૯ અનુસાર ભારતનો ક્રમ જણાવો ?
- ૧૨૯

૬ ઉપગ્રહ કયા રોકેટની મદદથી લોન કરવામાં આવ્યો ?
- PSLV QLC48

## 13. December. 2019

**(૧) સંસદભવન પર આતંકવાદી હુમલાના ૧૮ વર્ષ :**

- આજે દેશના સંસદભવન પર ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ થયેલ આતંકવાદી હુમલાના ૧૮ વર્ષ પૂર્ણ થયા.
- હુમલાના ૧૮ વર્ષ પૂર્ણ થયાના અવસરે દેશના સંસદભવનમાં એક શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યસભાના સભાપતિ અને દેશના ઉપરાષ્ટ્રપતિશ્રી વૈંકયા નાયડુ, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી અને અન્ય નેતાઓએ હુમલામાં શહીદ થયેલ સેનાના જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી.
- ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ જૈશ એ મહોમ્મદ આતંકી જૂથના પાંચ આતંકવાદીઓએ શિયાળુ સત્ર દરમ્યાન દેશના સંસદભવન પર હુમલો કર્યો હતો.
- આ હુમલામાં દિલ્લી પોલીસ, Crpf અને અન્ય સુરક્ષા દળોના કુલ ૧૧ જવાનો શહીદ થયા હતા.
- હુમલાના થોડા દિવસો બાદ જ હુમલાના માસ્ટર માઇન્ડ ગણાતા અફઝલ ગુરૂની ભારતીય સુરક્ષા દળો દ્વારા ધડપકડ કરવામાં આવી હતી. જેને ન્યાયીપ્રક્રિયા બાદ ૯ ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ તેને ફાંસી આપવામાં આવી હતી.

**(૨) સુનિલ છેત્રી – પુમાના બ્રાન્ડ એમ્બેસેડર :**

- તાજેતરમાં ભારતીય ફૂટબોલર સુનિલ છેત્રીને ત્રણ વર્ષ માટે પુમાના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કરવામાં આવ્યા.
- સુનિલ હાલમાં આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં સર્વાધિક ગોલ કરનાર ખેલાડીઓની યાદીમાં બીજા સ્થાને છે.
- તેઓ ભારતીય ફૂટબોલ ટીમમાં સ્ટ્રાઇકર તરીકે રમે છે.
- સુનીલ છત્રીનો જન્મ તેલંગાણાના સિકંદરાબાદમાં થયો છે.

– તેમને વર્ષ ૨૦૦૭, ૨૦૧૧, ૨૦૧૩, ૨૦૧૪ અને ૨૦૧૭ માં AIFF પ્લેયર ઓફ ધ યરનો ખિતાબ એનાયત થયો હતો.

**(૩) ક્લાઇમેન્ટ ચેન્જ કૉન્ફરન્સ (COP-25) નું આયોજન**

– તાજેતરમાં સ્પેનની રાજધાની મેડ્રિડ ખાતે ક્લાઇમેન્ટ ચેન્જ કોન્ફરન્સ (COP-25) નું આયોજન કરવામાં આવ્યું હતું.

– આ કોન્ફરન્સમાં Climate Action Network અને German નામના ક્લાઇમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા Climate change Performance Index (CCPI) 2020 પ્રસિદ્ધ કરવામાં આવ્યો.

– આ ઈન્ડેક્સમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવાના પ્રયાસ કરનાર દેશની યાદીમાં ભારત નવમાં સ્થાને રહ્યું.

– આ ઇન્ડેક્સમાં પ્રથમ વખત ભારનો ટોપ–૧૦ યાદીમાં સમાવેશ થયો છે.

– આ ઇન્ડેક્સમાં પ્રથમ ત્રણ ક્રમે એકપણ દેશનો સમાવેશ કરવામાં આવ્યો નથી કેમ કે કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં હજુ સુધી કોઇપણ દેશ સફળ થયો નથી.

– આ ઇન્ડેક્સમાં ચોથા સ્થાને સ્વીડન છે.

– જ્યારે પાંચમાં અને છઠ્ઠા સ્થાને અનુક્રમે ડેનમાર્ક અને મોરોક્કો છે.

– Climate change performance index ૨૦૨૦માં અંતિમ સ્થાને અમેરિકા છે જેનો ક્રમ ૬૧મો છે.

**(૪) ગ્રેટા થનબર્ગ – ટાઇમ પર્સન ઓફ ધ યર –૨૦૧૯**

– તાજેતરમાં સ્વીડનની ગ્રેટા થનબર્ગને ટાઇમ પર્સન ઓફ ધ યર –૨૦૧૯ માટે પસંદ કરવામાં આવી.

– તેણી પર્યાવરણ સંરક્ષણ કાર્ય સાથે સંકળાયેલ છે. તેમનો જન્મ વર્ષ ૨૦૦૩માં સ્વીડન ખાતે થયો હતો.

– ગ્રેટા સ્કૂલ સ્ટ્રાઇક ફોર ક્લાઇમેન્ટ મુવમેન્ટની સંસ્થાપક છે. તેમણે આ આંદોલનની શરૂઆત વર્ષ ૨૦૧૮માં કરી હતી.

– વર્ષ ૨૦૧૮માં ટાઇમ મેગેઝિને સાઉદી પત્રકાર જમાલ ખશોગગીને પર્સન ઓફ ધ યર માટે નામાંકિત કર્યા હતા.

– વર્ષ ૨૦૧૮માં પ્રથમ વખત પર્સન ઑફ ધ યર તરીકે એક મૃત વ્યક્તિને પસંદ કરવામાં આવ્યા હતા.

– ટાઇમ પર્સન ઓફ ધ યર જાહેર થનાર પ્રથમ ભારતીય વ્યક્તિ મહાત્મા ગાંધી (વર્ષ ૧૯૩૦) છે.

– ટાઇમ મેગેઝિનની શરૂઆત હેનરી લુસ અને બ્રિટોન દ્વારા કરવામાં આવી હતી. તેનું પ્રથમ વેચાણ માર્ચ ૧૯૨૩માં શરૂ થયું હતું.

– ટાઇમ મેગેઝિનની દુનિયામાં વિવિધ આવૃત્તિઓ પ્રકાશિત થાય છે.

**(૫) સાણંદ ખાતે વિધવા બહેનોને વિધવા પેન્શન સહાયનો સામૂહિક વિતરણનો કાર્યક્રમ :**

– તાજેતરમાં ગુજરાતના અમદાવાદ જિલ્લામાં આવેલ સાણંદ ખાતે વિધવા બહેનોને વિધવા પેન્શન સહાયનો સામૂહિક વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

– આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમીત શાહ અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી હાજર રહ્યા હતા.

– આ કાર્યક્રમમાં ૫૫૦૦ થી વધુ બહેનોને શાયર પણ કરવામાં આવી હતી.

– સાણંદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં એક જ સ્થળે એકસાથે ૫૫૦૦ થી વધુ વિધવા બહેનોને સહાય આપવામાં આવી જેને ગિનીજ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે.

– ગુજરાત સરકાર દ્વારા આ વિધવા બહેનોને દર મહિને ૧૨૦૦ રૂપિયાની સહાય આપવામાં આવશે.

પ્રશ્નો :

૧ સંસદભવન પર આતંકવાદી હુમલો ક્યારે થયો હતો ?

- ૧૩ ડિસેમ્બર ૨૦૦૧

૨ સુનીલ છેત્રીનું કાર્યક્ષેત્ર જણાવો ?

- ફૂટબોલર

૩ યુમાના બ્રાન્ડ એમ્બેસેડર જણાવો ?

- સુનીલ છેત્રી

૪ ક્લાઈમેન્ટ ચેન્જ કોન્ફરન્સ (COP-25) નું આયોજન ક્યાં થયું હતું ?

- મેડ્રિડ (સ્પેન)

૫ ટાઈમ પર્સન ઓફ ધ યર -૨૦૧૯ જણાવો ?

- ગ્રેટા થનબર્ગ

૬ જમાલ ખરાગોગી કયા ક્ષેત્ર સાથે સકંળાયેલ છે ?

- પત્રકાર

૭ તાજેતરમાં ગુજરાતમાં ક્યાં વિધવા બહેનોને વિધવા પેન્શન સહાયનો સામુહિક વિતરણ કાર્યક્રમ યોજાયો હતો ?

- સાણંદ

## 14. December. 2019

**(૧) રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ :**

– દર વર્ષે ભારત ભરમાં ૧૪ ડિસેમ્બરના રોજ રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ ઉજવવામાં આવે છે.

– આ દિવસની ઉજવણી વર્ષ ૧૯૯૧ થી કેન્દ્રીય ઉર્જા મંત્રાલય અંતર્ગત અધિક ઉર્જા દક્ષતા બ્યૂરો દ્વારા કરવામાં આવે છે.

– આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય ઉર્જાની કાર્યક્ષમતા અને સંરક્ષણ ક્ષેત્રે જાગરૂકતા ફેલાવવાનો આવેલ છે.

– કેન્દ્રીય ઉર્જા મંત્રાલય દ્વારા ૯ ડિસેમ્બર થી ૧૪ ડિસેમ્બર ૨૦૧૯ દરમ્યાન રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે.

**(૨) પાયકા વિદ્રોહને સમર્પિત એક સ્મારકનું ભૂમિ પૂજન :**

– તાજેતરમાં દેશના રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદે ઓડિશાના તલહટી ખાતે દસ એકર જગ્યામાં નિર્માણ પામનાર પાયકા વિદ્રોહને સમર્પિત એક સ્મારકનું ભૂમિપૂજન કરી તેનો પાયો નાખ્યો.

– આ સ્મારકનું સંચાલન ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવશે.

– સોળમી સદીથી ઓડિશામાં રાજાઓ દ્વારા વિવિધ સમુદાયમાંથી અમુક લોકોને ભાડુ મુક્તિ જમીન (નિશ–કર–જાગીર) અને ટાઇટલના બદલામાં માર્શલ સેવાઓ આપવામાં માટે ભરતી કરવામાં આવેલા હતા.

Vivekanand Academy Gandhinagar

- આવા લોકો પાયકા લોકો તરીકે જાણીતા છે તેઓ ઓડિશાની પરંપરાગત જમીનની માલિકી ધરાવતી લશ્કરી યોદ્ધાઓ હતા.

**(૩) નેવાર્મ્સ–૧૯**

- તાજેતરમાં નવી દિલ્હી ખાતે નેવાર્મ્સ –૧૯ નામના નેવલ વેપન સિસ્ટમ્સ પરના આંતરરાષ્ટ્રીય સેમિનાર અને એક્ઝિબિશનની ચોથી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું.
- આ આયોજન મેક ઇન ઇન્ડિયા ફાઇટ કેટેગરી ઓપર્ચ્યુનિટીઝ અને ઇમ્પેરેટિવ્સ થીમ પર કરવામાં આવ્યું હતું.
- આ કાર્યક્રમનું આયોજન આંતરરાષ્ટ્રીય સંરક્ષણ ઉદ્યોગ માટે જાગૃતતા લાવવા વિચારોની આપ – લે કરવા માટે કરવામાં આવ્યું છે.
- અગાઉ વર્ષ ૨૦૦૭ વર્ષ ૨૦૧૦, વર્ષ ૨૦૧૩માં આ પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવમાં આવ્યું હતું.

**(૪) ૧૩ મી સાઉથ એશિયન ગેમ્સ :**

- તાજેતરમાં નેપાળના જનકપુર, કાઠમાંડુ અને પોખરા ખાતે ૧૩ મી સાઉથ એશિયન ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ૧૩ મી સાઉથ એશિયન ગેમ્સનું ઉદ્દઘાટન નેપાળના રાષ્ટ્રપતિ વિદ્યાદેવી ભંડેરી, દ્વારા કરવામાં આવ્યું હતું.
- ૧૩ મી સાઉથ એશિયન ગેમ્સમાં ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, નેપાળ, ભૂટાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને માલદીવ એમ કુલ ૭ દેશોએ ભાગ લીધો હતો.
- આ ઇવેન્ટમાં ભારતના ૪૫૦ થી વધારે ખેલાડીઓ ભાગ લીધો હતો.
- ભારતે આ ઇવેન્ટમાં ૧૭૩ ગોલ્ડ મેડલ, ૯૩ સિલ્વર મેડલ અને ૪૫ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૩૧૧ મેડલ જીતી પ્રથમ સ્થાને છે.
- ભારત બાદ નેપાળ અને શ્રીલંકા અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.
- આ ઇવેન્ટમાં પાકિસ્તાન ચોથા સ્થાને છે. જ્યારે અંતિમ એટલે કે સાતમાં સ્થાને ભૂટાન છે.
- નેપાળના કાઠમંડુ ખાતે યોજાયેલ આ ઇવેન્ટની ઓપનિંગ સેરેમનીમાં ભારતીય ધ્વજ વાહક તરીકે તેજીન્દરપાલ સિંહ તુરની પસંદગી કરવામાં આવી હતી.
- તેજીન્દરપાલ સિંહ તુર દેશના પ્રસિદ્ધ ગોળાફેંક ખેલાડી છે.
- તેમણે કતારના દોહા ખાતે યોજાયેલ એશિયન ચેમ્પિયનશીપ ૨૦૧૯માં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- વર્ષ ૨૦૧૮માં ઇન્ડોનેશિયાના જકાર્તા ખાતે યોજાયેલ એશિયન ગેમ્સ ૨૦૧૮માં પણ તેમણે ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- સાઉથ એશિયન ગેમ્સનું આયોજન વર્ષ ૧૯૮૩ દર બે વર્ષે કરવામાં આવે છે.
- અગાઉ વર્ષ ૨૦૧૬માં ૧૨ મી સાઉથ એશિયન ગેમ્સનું આયોજન ભારતના ગુવાહાટી અને શિલોંગ ખાતે કરવામાં આવ્યું હતું.
- ૧૪મી સાઉથ એશિયન ગેમ્સનું આયોજન વર્ષ ૨૦૨૦માં પાકિસ્તાન કરાચી ખેત કરવામાં આવશે.
- સાઉથ એશિયન ગેમ્સ ૨૦૧૯માં મેસકોટ તરીકે બ્લેકબક્સની જોડીને પસંદ કરવામાં આવી હતી.
- સાઉથ એશિયન ગેમ્સનું આયોજન સાઉથ એશિયા ઓલમ્પિક કાઉન્સીલ દ્વારા કરવામાં આવે છે.

પ્રશ્નો :

૧ રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧૪ ડિસેમ્બર

૨ કેન્દ્રીય ઉર્જા મંત્રાલય દ્વારા ક્યારે રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું ?
- ૯ ડિસેમ્બર થી ૧૪ ડિસેમ્બર

૩ તાજેતરમાં કોના દ્વારા ઓડિશા ખાતે પાયકા વિદ્રોહને સમર્પિત એક સ્મારકનું ભૂમિપૂજન કરવામાં આવ્યું ?
- રામનાથ કોવિંદ

૪ નેવાર્મ્સ-૨૦૧૯નું આયોજન કયાં થયું હતું ?
- નવી દિલ્હી

૫ ૧૩ મી સાઉથ એશિયન ગેમ્સ ૨૦૧૯માં ભારતે કુલ કેટલા ગોલ્ડ જીત્યા ?
- ૧૭૩ ગોલ્ડ મેડલ

૬ સાઉથ એશિયન ૨૦૧૯નાં મેસકોટ જણાવો ?
- બ્લેકબકસ ની જોડી

## 15. December. 2019

**(૧) નાગરીક (સંશોધન) બિલ –૨૦૧૯ને રાષ્ટ્રપતિશ્રીની મંજૂરી :**

- તાજેતરમાં લોકસભા અને રાજ્યસભા દ્વારા પસાર કરવામાં આવેલ નાગરિક (સંશોધન) બિલ ૨૦૧૯ને રાષ્ટ્રપતિશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવી.
- રાષ્ટ્રપતિની મંજૂરી બાદ આ બિલે કાયદાનું સ્વરૂપ ધારણ કરી લીધું છે.
- આ બિલનું ૯ ડિસેબર ૨૦૧૯ના રોજ લોકસભામાં ૩૧૧ વિરૂદ્ધ ૮૦ મતોથી પસાર થયું.
- લોકસભામાં પસાર થયા બાદ આ બિલ ૧૧ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ રાજ્યસભામાં ૧૨ વિરૂદ્ધ ૧૦૫ મતોથી પસાર થયું હતું.
- દેશની સંસદમાં પસાર થયેલા અને રાષ્ટ્રપતિની મંજૂરી મળેલા આ બિલ દ્વારા નાગરિક્તા અધિનિયમ ૧૯૫૫ માં સુધારા કરવામાં આવ્યા છે.
- આ બિલ જોગવાઇ અનુસાર બાંગ્લાદેશ પાકિસ્તાન અને અફઘાનિસ્તાનથી ભારતમાં આવેલા શરણાર્થીઓ હિંદુ શીખ પારસી ખ્રિસ્તી અને બૌદ્ધ એમ કુલ છ સમુદાયોને ભારતની નાગરિક્તા આપવામાં આવશે જેમાં મુસલમાનો સમાવેશ થતો નથી.
- આ ત્રણેય દેશોના ૩૧ ડીસેમ્બર ૨૦૧૪ તેની પહેલાથી ભારતમાં રહેતા હોય તેવા લોકો કેન્દ્ર સરકાર સમક્ષ ભારતીય નાગરિક્તાની અપીલ કરી શકશે.
- આ બિલની જોગવાઇઓ આસામ મેઘાલય મિઝોરમ અને ત્રિપુરા રાજ્યના આદિવાસી વિસ્તારોમાં અને અરૂણાચલ પ્રદેશ મિઝોરમ અને નાગાલેન્ડના ઇનર લાઇન પરમીટ

Vivekanand Academy Gandhinagar

દ્વારા સંરક્ષણ આપવામાં આવ્યું હોય તેવા વિસ્તારોમાં લાગુ પડશે નહીં.

– પાકિસ્તાન અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશમાં લઘુમતી ઉપર સતત હજી અત્યાચારો થઇ રહ્યા છે આથી તેને રક્ષણ આપવા માટે ભારતમાં તેઓ શરણ લઇ શકે તે માટે આ બિલ પસાર કરવામાં આવ્યું છે.

– આ બિલથી ભારતમાં આવેલા શરણાર્થીઓને કાયદેસરની નાગરિકતા મળી શકશે.

**(૨) નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલ ટ્વિટને વર્ષ ૨૦૧૯માં સૌથી વધુ લાઇક અને સૌથી વધુ વખત રીટ્વિટ**

– તાજેતરમાં ટ્વિટર ઇન્ડિયા કરવામાં આવેલ જાહેરાત મુજબ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલ ટ્વિટને વર્ષ ૨૦૧૯માં સૌથી વધુ લાઇક અને સૌથી વધુ વખત રિટ્વિટ કરવામાં આવ્યું.

– લોકસભા ચૂંટણી ૨૦૧૯માં ભારતીય જનતા પાર્ટીને મળેલ શાનદાર જીત બાદ પ્રધાનમંત્રીશ્રીએ ૨૩ મે ૨૦૧૯ના રોજ એક ટ્વિટ કર્યું હતું જે સબકા સાથ + સબકા વિકાસ+ સબકા વિશ્વાસ = વિજયી ભારત હતું. જે સૌથી વધુ લાઇક અને સૌથી વધુ વખત રીટ્વિટ કરવામાં આવ્યા.

– સૌથી વધુ વખત loksabhaelection -2019 હૈશટેગ પર ટ્વિટ થયા છે.

**(3) રોહિત શર્માને સ્પેનિશ ફૂટબોલ લીગ લા લીગાના બ્રાન્ડ એમ્બેસેડર :**

– તાજેતરમાં ભારતના સ્ટાર ક્રિકેટર રોહિત શર્માને સ્પેનિશ ફૂટબોલ લીગ લા લીગાના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કરવામાં આવ્યા.

– તેઓ લા લીગાના બ્રાન્ડ એમ્બેસેડર બનનાર પ્રથમ નોન–ફૂટબોલર ખેલાડી છે.

– લા લીગાવિશ્વની સૌથી વધુ લોકપ્રિય ફૂટબોલ લીગ છે. જેનું આયોજન સ્પેનમાં કરવામાં આવે છે.

– તેની શરૂઆત વર્ષ ૧૯૨૯ માં થઇ હતી.

– લા લીગામાં સૌથી વધુ ખિતાબ જીતનાર ટિમ રિયલ મેડ્રીટ છે તેણે ૩૩ વખત આ લીગનું ટાઇટલ જીત્યું છે.

– લા લીગામાં સૌથી વધુ ગોલ કરવાનો રેકોર્ડ આર્જેન્ટિનાના પ્રસિદ્ધ ફૂટબોલર લિયોનેલ મેસ્સીના નામે છે તેણે ૪૧૭ ગોલ કર્યા છે.

પ્રશ્નો :

૧ નાગરિક (સંશોધન) બિલ-૨૦૧૬ લોકસભામાં ક્યારે પસાર થયું હતું ?

- ૯ ડિસેમ્બર ૨૦૧૯

૨ સ્પેનિશ ફુટબોલ લીગ લા લીગના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોની પસંદગી કરાઈ છે ?

- રોહિત શર્મા

૩ રોહિત શર્માનું કાર્યક્ષેત્ર જણાવો ?

- ક્રિકેટર

૪ લા લીગામાં સૌથી વધુ ખિતાબ જીતનાર ટીમ જણાવો ?

- રિયલ મેડ્રીડ

૫ લિયોનેલ મેસ્સીનું કાર્યક્ષેત્ર જણાવો ?

- ફૂટબોલર

## 16. December. 2019

**(૧) વિજયી દિવસ :**

– દર વર્ષે ૧૬ ડિસેમ્બરના રોજ ભારતભરમાં વિજયી દિવસની ઉજવણી કરવામાં આવે છે

– આ દિવસની ઉજવણી વર્ષ ૧૯૭૧માં થયેલ ભારત પાકિસ્તાન યુદ્ધમાં ભારતના વિજયના પ્રતિક તરીકે કરવામાં આવે છે.

– આ દિવસે ૧૯૭૧ યુદ્ધમાં શહીદ થયેલ વિર સૈનિકોને શ્રદ્ધાંજલી આપવામાં આવે છે.

– વર્ષ ૧૯૭૧માં થયેલ આ યુદ્ધ દ્વારા બાંગ્લાદેશ પાકિસ્તાનથી સ્વતંત્ર થયું હતું અને પાકિસ્તાની સેનાએ ભરતીય સેના સામે આત્મ સમર્પણ કર્યું હતું.

– ભારત અને પાકિસ્તાન વચ્ચે ઇ.સ. ૧૯૪૮, ૧૯૬૫, અને ૧૯૭૧ એમ કુલ ત્રણ વખત યુદ્ધ થયા છે જેમાં દરેક વખતે પાકિસ્તાનની હાર થઈ છે.

**(૨) ગુજરાત પોલીસને લોગોમાં પ્રેસિડેન્ટ્સ કલર્સ એનાયત :**

– તાજેતરમાં ગાંધીનગર ખાતે આવેલ કરાઇ પોલીસ એકેડમીમાં યોજાયેલ એક કાર્યક્રમમાં ઉપરાષ્ટ્રપતિશ્રી એમ. વેકૈયા નાયડુના હસ્તે ગુજરાત પોલીસને લોગોમાં પ્રેસિડેન્ટ્સ કલર્સ એનાયત કરવામાં આવ્યા.

– આ સન્માન મેળવનર ગુજરાત ભારતનું સાતમું રાજ્ય છે.

– આ સાથે જ ગુજરાત પોલીસના નવા લોગોનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

– ગુજરાત પોલીસને એનાયત થયેલ આ પ્રેસિડેન્ટ્સ કલર્સ લોગો પોલીસના અધિકારીઓ અને જવાનોના યુનિફોર્મમાં ડાબા હાથની સ્લીવ પર લાગશે.

– પ્રેસિડેન્ટ્સ કલર્ક ભારતના પોલીસ દળને આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે જે સમાજમાં પોલીસ દળના અમૂલ્ય યોગદાનને માન્યતા આપે છે.

– ગુજરાત અગાઉ આ સન્માન મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, દિલ્લી, જમ્મુ કાશ્મીર, ત્રિપુરા, અને આસામ રાજ્યને આપવામાં આવ્યું.

**(3) નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી (NADA) ના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે સુનીલ શેટ્ટી :**

– તાજેતરમાં અભિનેતા સુનીલ શેટ્ટીને નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી (NADA) ના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરાયા છે.

– રાષ્ટ્રીય એન્ટી ડોપિંગ એજન્સી દેશમાં ડોપિંગ કંટ્રોલ પ્રોગ્રામ પર મોનિટરિંગ કરવાનું કાર્ય કરે છે.

– નોંધપાત્ર વાત એ છે કે છેલ્લા એક વર્ષમાં દેશના ૧૫૦ થી વધુ ખેલાડીઓ ડોપ ટેસ્ટમાં નિષ્ફળ ગયા છે.

– આ વર્ષે વર્લ્ડ એન્ટી –ડોપિંગ એજન્સી (NADA) એ નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી (NADA) ને સસ્પેન્ટ કરી હતી.

– હવે નાડા દ્વારા એકત્ર કરાયેલા ખેલાડીઓન નમૂનાની તપાસ ભારતની બહાર કરવામાં આવશે.

– નાડા ભારતમાં રમતમાં ડોપિંગ કંટ્રોલ પ્રોગ્રામ પર નજર રાખવા માટેનું ભારતનું રાષ્ટ્રીય સંગઠન છે.

- તેની સ્થાપના ૨૦૦૫માં સોસાયટીઝ રજિસ્ટ્રેશન એક્ટ હેઠળ કરવામાં આવી હતી, જેથી ભારતમાં ડોપ–ફ્રી રમતો સુનિશ્ચિત થાય.
- આ એજન્સી દેશમાં વર્લ્ડ એન્ટી ડોપિંગ એજન્સીના નિયમો લાગુ કરે છે.

પ્રશ્નો :

૧ રાષ્ટ્રીય વિજય દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧૬ ડિસેમ્બર

૨ ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્યારે યુદ્ધ થયા ?
- ૧૯૪૮,૧૯૬૫,૧૯૭૧

૩ ભારતના પોલીસ દળને આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન જણાવો ?
- પ્રસિડેન્ટ્સ કલર્સ

૪ NADA નું પુરૂનામ જણાવો ?
- નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી

૫ NADAના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોની નિમણુક થઇ ?
- સુનીલ શેટ્ટી

૬ WADA નું પુરૂનામ જણાવો ?
- વર્લ્ડ એન્ટી ડોપિંગ એજન્સી

## 17. December. 2019

### (૧) વાયબ્રન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ટેકનૉલોજિ સમિટ–૨૦૧૯

- તાજેતરમાં અમદાવાદ ખાતે આવેલ ગુજરાત સાયન્સ સિટી ખાતે વાયબ્રન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ટેકનૉલોજિ સમિટ ૨૦૧૯નો પ્રારંભ થયો.
- આ ત્રણ દિવસીય સમિટનો પ્રારંભ ગુજરાત મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીએ કર્યો હતો.
- આ સમિટનું આયોજન ગુજરાતમાં ઔદ્યોગિક ક્ષેત્રના પ્રશ્નોના ઉકેલ માટે સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવ્યું હતું.
- આ સમિટના ઉદ્દઘાટન વખતે મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સાયન્સ સિટી ખાતે નિર્માણ પામનાર એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરીનું ખાતમુહૂર્ત કર્યું હતું. ગુજરાત સાયન્સ સિટી અમદાવાદનાં હેબતપુર ગામ પાસે આવેલ છે

### (૨) બંધારણ (૧૨૬મું સંશોધન) બિલ –૨૦૧૯ :

- તાજેતરમાં લોકસભા બાદ દેશની રાજ્યસભામાં બંધારણ (૧૨૬ મું સંશોધન) બિલ –૨૦૧૯ પસાર થયું
- રાષ્ટ્રપતિશ્રીની મંજૂરી મળ્યા બાદ આ બીલ કાયદાનું સ્વરૂપ ધારણ કરશે.
- લોકસભામાં આ બિલ કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી રવિશંકર પ્રસાદે રજૂ કર્યું હતું.
- આ બિલમાં લોકસભા અને રાજ્યસભાની વિધાનસભાઓમાં એસી અને એસટી માટે કેટલીક બેઠકો અનામત રાખવાની મુદ્દત ૧૦ વર્ષ માટે વધારવામાં આવી છે
- દેશની લોકસભા અને રાજ્યની વિધાનસભામાં એસસી અને એસટી માટેની કેટલીક એનામત બેઠકોની મુદ્દત ૨૫ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ સમાપ્ત થતી હતી.
- આ બિલ દ્વારા તેની મુદ્દત ૧૦ વર્ષ વધારવામાં આવી છે હવે આ મુદ્દત ૨૫ જાન્યુઆરી ૨૦૩૦ સુધી લંબાવવામાં આવી છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ ૩૩૦ થી ૩૩૪ અંતર્ગત અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે લોકસભા અને રાજ્યોની વિધાસભાની કેટલીક બેઠકો અનામત રાખવી તેમજ તેમાં એંગ્લો- ઈન્ડિયન સમુદાયના વિશેષ પ્રતિનિધિઓ અંગેની જોગવાઇ છે.
- ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારતનું બંધારણ ક્યારે અમલમાં આવ્યું ત્યારે અનુચ્છેદ ૩૩૪ અંતર્ગત આ મુદ્દતને દસ વર્ષ એટલે કે ૨૫ જાન્યુઆરી ૧૯૬૦ સુધી કરવામાં આવી હતી.
- ભારતીય સંસદ દ્વારા ત્યારબાદથી દર દસ વર્ષે ભારતના બંધારણમાં સુધારો કરી આ મુદ્દો ૧૦ વધારવામાં આવી છે છેલ્લે વર્ષ ૨૦૦૯માં બંધારણના ૯૫માં સુધારા અંતર્ગત તેની મુદ્દત ૨૫ જાન્યુઆરી ૨૦૨૦ સુધી કરવામાં આવી હતી.
- દેશની લોકસભામાં અનુસૂચિત જાતિ માટે ૮૪ બેઠકો અને અનુસૂચિત જનજાતિ સમુદાય માટે ૪૭ બેઠકો અનામત રાખવામાં આવી છે.

### (૩) છાયાપુરી સેટેલાઇટ રેલવે સ્ટેશનનું લોકાર્પણ :

- તાજેતરમાં કેન્દ્રીય રેલવે રાજ્યમંત્રીશ્રી સુરેશ અંગડીએ વડોદરામાં નવનિર્મિત છાયાપુરી સેટેલાઇટ રેલવે સ્ટેશનનું લોકાર્પણ કર્યું.
- છાયાપુરી રેલવે સ્ટેશન મણિપુર અને ઉધના બાદ ગુજરાતનું ત્રીજું સેટેલાઇટ રેલવે સ્ટેશન છે.
- સેટેલાઇટ રેલવે સ્ટેશનનું નિર્માણ મોટા શહેરના મુખ્ય રેલવે સ્ટેશન પર રેલવેના ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે કરવામાં આવે છે.

### (૪) જેન્ડર ગેપ ઇંડિક્સ –૨૦૧૯ – વર્લ્ડ ઇકોનોમિક ફોરમ :

- તાજેતરમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દ્વારા જાહેર કરવામાં આવેલ રિપોર્ટ જેન્ડર ગેપ ઇંડેક્સમાં ભારતનું ૧૧૨મું સ્થાનો રહ્યું.
- વર્ષ ૨૦૧૮ના રિપોર્ટમાં ભારતનું સ્થાન ૧૦૮ મું હતું.
- આ વર્ષે ઇન્ડેક્સમાં પ્રથમ સ્થાને આઇસલેન્ડ છે જ્યારે બીજા અને ત્રીજ સ્થાને અનુક્રમે નોર્વે અને ફિનલેન્ડ છે.
- આઇસલેન્ડ જેન્ડર ગેપ ઇંડેક્સમાં છેલ્લા દસ વર્ષથી પ્રથમ સ્થાને છે.
- વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દ્વારા વર્ષ ૨૦૦૬ થી દર વર્ષે જેન્ડર ગેપ ઇંડેક્સ જાહેર કરવામાં આવે છે.
- આ રિપોર્ટ મુખ્ય ચાર મુદ્દાઓ પર તૈયાર કરવામાં આવે છે.
- જેમાં આર્થિક તક, રાજકીય સશક્તિકરણ, શિક્ષણ અને આરોગ્યનો સમાવેશ થાય છે. આ ચાર મુદ્દાઓમાં લિંગ સમાનતા માપવામાં આવે છે.

**વર્લ્ડ ઇકોનોમિક ફોરમ :**

- વર્લ્ડ ઇકોનોમિક ફોરમ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે, જેની સ્થાપના ક્લાઉઝ શ્વાબે, જાહેર ખાનગી સહયોગ દ્વારા વિશ્વની સ્થિતિ સુધારવા માટે કરી હતી.
- તેની સ્થાપના ૧૯૭૧માં થઇ હતી. તેનું મુખ્ય મથક સ્વિટ્ઝર્લેન્ડના જિનીવા ખાતે આવેલ છે.

પ્રશ્નો :

Vivekanand Academy Gandhinagar

૧ વાયબ્રન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ટેકનોલોજી સમિટ -૨૦૧૯જનો પ્રારંભ કયાં થયો ?
- અમદાવાદ
૨ એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરીનું ખાતમુર્હૂત કોણે કર્યું હતું ?
- વિજયભાઇ રૂપાણી
૩ ભારતનું બંધારણ અમલમાં ક્યારે આવ્યું ?
- ૨૬ જાન્યુઆરી ૧૯૫૦
૪ SC અને ST માટે લોકસભા અને વિધાનસભા અમુક બેઠકો અનામત રાખવા માટે કયાં અનુચ્છેદમાં જોગવાઇ છે ?
- A-334

**18. December. 2019**

**(૧) આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ :**

- દર વર્ષે ૧૮ ડિસેમ્બરના રોજ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ મનાવવામાં આવે છે.
- ૪ ડિસેમ્બર ૨૦૦૦ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા સમગ્ર વિશ્વમાં ૧૮ ડિસેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રવાસીઓના અધિકારોને સુરક્ષા આપવાનો છે.
- વર્ષ ૨૦૧૯ થીમ : Social Cohesion : Recognizing Migration is a Benefit that works for All

**(૨) આંતરરાષ્ટ્રીય લઘુમતી અધિકાર દિવસ :**

- દર વર્ષે ૧૮ ડિસેમ્બરના રોજ ભારત ભરમાં લઘુમતી અધિકાર દિવસની ઉજવણી કરવામાં આવે છે
- આ દિવસની ઉજવણી ભારતમાં લઘુમતી સમુદાયોના અધિકારો અંગે જાગૃતિ આવે તે હેતુથી કરવામાં આવે છે.
- ભારતમાં મુખ્ય લઘુમતીઓ મુસ્લિમ, શીખ, ખ્રિસ્તીઓ, બૌદ્ધ, પારસી અને જૈન છે.

**(૩) ફિક્કી ઇન્ડિયા સ્પોર્ટ્સ એવોર્ડ્સ –૨૦૧૯ :**

- તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં ફિક્કી ઇન્ડિયા સ્પોર્ટ્સ –૨૦૧૯ એનાયત કરાવમાં આવ્યા.
- આ પુરસ્કાર ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા દર વર્ષે દરમિયાન શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ખેલાડીઓને આપવામાં આવ્યો હતો.
- ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝનું વડુમથક નવી દિલ્લી ખાતે આવેલ છે.

**વિજેતાઓની સૂચિ**

| એવોર્ડ્સ | વિજેતા |
|---|---|
| સ્પોર્ટ્સ પર્સન ઓફ ધ યર | રાની રામપાલ (ભારતીય મહિલા હોકી ટીમની કેપ્ટન), અને સૌરભ ચૌધરી (પિસ્તોલ શૂટર) |
| શ્રેષ્ઠ રાષ્ટ્રીય રમતસંઘ | ભારતીય રાષ્ટ્રીય રાઇફલ એસોસિએશન |
| રમત ગમતને પ્રોત્સાહન આપવાની શ્રેષ્ઠ કંપની | રેલવે સ્પોર્ટ્સ પ્રમોશન બોર્ડ |
| (જાહેર–ક્ષેત્ર) | |
| શ્રેષ્ઠ પેરા– એથલેટ | સંદીપ ચૌધરી (જેવેલિન) |
| બ્રેક્થ્રુ સ્પોર્ટ્સ પર્સન | અમિત પંઘાલ (બોક્સિંગ) |
| લાઇફટાઇમ એચિવમેન્ટ | પંકજ અડવાણી |
| લાઇફટાઇમ એચિવમેન્ટ એડમિનિસ્ટ્રેટર | ગોવિંદરાજ કેમ્પેરેડ્ડી |
| રમતોને પ્રોત્સાહન આપવા માટે શ્રેષ્ઠ રાજ્ય | ઓડિશા |
| શ્રેષ્ઠ રમત ગમત પત્રકાર | કામેશ શ્રીનિવાસન |

**(૪) મિસ વર્લ્ડ –૨૦૧૯**

- તાજેતરમાં લંડન ખાતે ૬૯મી મિસ વર્લ્ડ ૨૦૧૯ સ્પર્ધામાં જમૈકાની ભારતીય મૂળની ટોની એન સિંહ વિજેતા બની.
- મિસ વર્લ્ડ ૨૦૧૮ વિજેતા વનિસા પોન્સ ડી લિયોને ટોની એન સિંહને મિસ વર્લ્ડનો તાજ પહેરાવ્યો હતો.
- મિસ વર્લ્ડ ૨૦૧૯માં ભારતની સુમન રાવ ત્રીજા સ્થાને રહી હતી.
- સુમન રાવે મિસ વર્લ્ડ એશિયા ૨૦૧૯નો રાજ જીત્યો છે.
- રાજસ્થાનની વતની સુમન રાવ અગાઉ મિસ ઇન્ડિયા ૨૦૧૯ બની હતી.
- મિસ વર્લ્ડ સ્પર્ધાની શરૂઆત વર્ષ ૧૯૫૧માં બ્રિટનમાં એરિક મોર્લી દ્વારા કરાવમાં આવી હતી.
- વર્ષ ૧૯૫૧માં યોજાયેલ આ સ્પર્ધામાં સ્વીડનની કિકી હકનસન વિજેતાબ ની હતી.
- મિસ વર્લ્ડ સ્પર્ધાનું આદર્શ વાક્ય Beauty With a Purpose છે.
- હાલ સુધીમાં કુલ ૬ ભારતીય યુવતીઓ ટાઇટલ જીતી ચુકી છે.

**મિસ વર્લ્ડ સ્પર્ધા વિજેતા ભારતીય યુવતીઓ :**

| વર્ષ | વિજેતા |
|---|---|
| ૧૯૬૬ | રીટા ફારીયા (રિતા) |
| ૧૯૯૪ | એશ્વર્યા રાય |
| ૧૯૯૭ | ડાયના હેડન |
| ૧૯૯૯ | યુક્તા મુખી |
| ૨૦૦૦ | પ્રિયંકા ચોપરા |
| ૨૦૧૭ | માનુષી છીલ્લર |

પ્રશ્નો :

૧ આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧૮ ડિસેમ્બર
૨ રાષ્ટ્રીય લઘુમતી અધિકાર દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૧૮ ડિસેમ્બર
૩ ભારતીય મહિલા હોકી ટીમના કેપ્ટન જણાવો ?
- રાની રામપાલ
૪ ફિક્કી ઇન્ડિયા સ્પોર્ટ્સ એવોર્ડ-૨૦૧૯ અંતર્ગત સ્પોર્ટ્સ પર્સન ઓફ ધ યર જણાવો ?
- સની રામપાલ, સૌરભ ચૌધરી
૫ અમિત પંચાલ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ?
- બોક્સિંગ
૬ સૌરભ ચૌધરીનું કાર્યક્ષેત્ર જણાવો ?

- પિસ્તોલ શુટર

૭ મિસ વર્લ્ડ -૨૦૧૯ વિજેતા જણાવો ?

- ટોની એન સિંહ

## 19. December. 2019

**(૧) ગોવા મુક્તિ દિવસ :**

- દર વર્ષે ૧૯ ડિસેમ્બરના રોજ ગોવા મુક્તિ દિન મનાવવામાં આવે છે.
- ભારતીય સેનાએ ૧૯ ડિસેમ્બર, ૧૯૬૧ના રોજ ગોવા, દમણ અને દીવમાં પ્રવેશ કરી તેને પોર્ટુગલ શાસનમાંથી આઝાદ કર્યા હતા.
- ત્યાથી દર વર્ષે ૧૯ મી ડિસેમ્બરના રોજ ગોવા મુક્તિ દિન ઉજવવામાં આવે છે. આ ત્રણેય વિસ્તાર પર ૪૫૦ વર્ષથી પોર્ટુગલ શાસન હતું.
- ભારત સરકાર દ્વારા ઓપરેશન વિજય દ્વારા ૪૦ કલાકની લડાઇ બાદ તેને આઝાદ કરવામાં આવ્યા હતા અને ભારતનો એક ભાગ જાહેર કરવામાં આવ્યો.
- ૩૦ મે ૧૯૮૭ના રોજ ગોવાને રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો જ્યારે દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશ રહ્યા.
- ગોવા ભારતનું ૨૬મું રાજ્ય છે.

**(૨) શ્રી મનોજ મુકુંદ નરવાણે – ભારતીય આર્મીના નવા વડા :**

- તાજેતરમાં લેફ્ટનન્ટ જનરલ મનોજ મુકુંદ નરવાણેની ભારતીય સેનાના નવા વડા તરીકે નિમણૂક કરવામાં આવી છે.
- ભારતીય સેનાના નવા વડા તરીકે તેઓ ૩૧ ડીસેમ્બર ૨૦૧૯ના રોજ નિવૃત્ત થયેલા ભારતીય સેનાના વર્તમાન વડા શ્રી બિપિન રાવતનું સ્થાન લેશે.
- હાલ મનોજ મુકુંદ નરવાણે ભારતીય સેનાના નાયબ વડા તરીકે સેવા આપે છે.
- તેમનો જન્મ વર્ષ ૧૯૬૦માં મહારાષ્ટ્રના પુણે ખાતે થયો હતો.
- ભારતીય સેનામાં તેઓ જૂન ૧૯૮૦માં Sikh light intantry ની ૭ મી બટાલિયનમાં સામેલ થયા હતા.

**મનોજ મુકુંદ નરવાણેને એનાયત એવોર્ડ :**

૧. પરમ વિશિષ્ટ સેવા મેડલ વર્ષ ૨૦૧૯
૨. અતિ વિશિષ્ટ સેવા મેડલ ૨૦૧૭
૩. સેના મેડલ ૨૦૧૫
૪. વિશિષ્ટ સેવા મેડલ ૨૦૧૫

**(૩) ફિલ્મ અભિનેતાશ્રી રામ લાગુનુ નિધન :**

- ૧૭ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ ભારતના જાણીતા ફિલ્મ અભિનેતાશ્રી રામ લાગુનું મહારાષ્ટ્રના પુણે ખાતે નિધન થયું.
- તેમનો જન્મ ૧૬ નવેમ્બર ૧૯૨૭ના રોજ મહારાષ્ટ્રના સતારામાં થયો હતો.
- તેમણે હિન્દી મરાઠી અને ગુજરાતી ભાષાના નાટકોમાં કામ કર્યું છે.
- તેમણે ૧૦૦થી વધુ મરાઠી અને હિન્દી ફિલ્મોમાં અભિનય કર્યો છે.
- તેમની આત્મકથાનું નામ લમાણ છે જેનો મતલબ The Carrier of Goods થાય છે.
- તેઓ વ્યાવસાયિક રીતે ડૉક્ટર હતા.
- ફિલ્મ અભિનેતાશ્રી રામ લાગુને મળેલ પુરસ્કાર :

૧. બેસ્ટ સપોર્ટિંગ એક્ટર ફિલ્મ ફેર એવોર્ડ (૧૯૭૮–ઘરૌંદા ફિલ્મ માટે)
૨. કાલિદાસ સન્માન (૧૯૯૭)
૩. દિનાનાથ મંગેશકર એવોર્ડ (૨૦૦૬)
૪. પુણ્યભુષણ પુરસ્કાર (૨૦૦૭)
૫. સંગીત નાટક અકાદમી ફેલોશિપ (૨૦૧૦)

**(૪) ભારત અને અમેરિકા વચ્ચે ફોરેઇન એન્ડ ડિફેન્સ મિનિસ્ટ્રીયલ સંવાદ**

- તાજેતરમાં ભારત અને અમેરિકા વચ્ચે વોશિંગ્ટન ખાતે ફોરેઇન એન્ડ ડિફેન્સ મિનિસ્ટ્રીયલ સંવાદ (૨+૨) નું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ સંવાદમાં ભારતીય પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને વિદેશમંત્રી સુબ્રમણયમ જયશંકર દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ બેઠકમાં અલગ અલગ દ્વિપક્ષીય મુદ્દાઓ, ક્ષેત્રિય મુદ્દાઓ અને વૈશ્વિક મુદ્દાઓ પર પરસ્પર સહકાર અને સુરક્ષા સંબધોને મજબૂત કરવાની ચર્ચા કરવામાં આવી હતી.

પ્રશ્નો :

૧ ગોવા મુક્તિ દિવસ ક્યારે મનાવાય છે ?

- ૧૯ ડિસેમ્બર

૨ ભારતીય સેનાએ ક્યારે ગોવાને પોર્ટુગલ શાસનમાંથી આઝાદ કર્યા હતા ?

- ૧૯ ડિસેમ્બર ૧૯૬૧

૩ ગોવાને કયા વર્ષમાં રાજયનો દરજ્જો આપવામાં આવ્યો હતો ?

- ૩૦ મે ૧૯૮૭

૪ ભારતીય આર્મીના નવા વડાનું નામ જણાવો ?

- મનોજ મુકુંદ નરવાણે

૫ ભારતીય આર્મીના વડા મનોજ મુકંદ નરવાણેને પરમ વિશિષ્ટ સેવા મેડલ કયા વર્ષમાં મળ્યો હતો ?

- ૨૦૧૯

૬ રામ લાગુ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ હતા ?

- અભિનેતા

## 20. December. 2019

**(૧) આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ :**

- દર વર્ષે ૨૦ ડિસેમ્બરના રોજ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા વિવિધતામાં એકતાને સન્માન આપવા કરવામાં આવે છે.

**(૨) Fortune 500 india's largest corporations-2019- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ :**

- તાજેતરમાં ફોર્ચ્યુન ઇન્ડિયા દ્વારા આવકની દ્રષ્ટિએ ભારતની સૌથી મોટી ૫૦૦ કંપનીઓની યાદી જાહેર કરવામાં આવી છે.

Vivekanand Academy Gandhinagar

- આ યાદીમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ભારતની સૌથી મોટી કંપની બની.
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનને પાછળ રાખીને આ સ્થાન લીધું છે.
- ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન છેલ્લા દસ વર્ષથી પ્રથમ ક્રમે હતી.
- આ યાદીમાં ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન અને ઓએનજીસી અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.
- આ યાદીમાં ચોથા અને પાંચમા સ્થાને અનુક્રમે ભારતીય સ્ટેટ બેન્ક અને ટાટા મોટર્સ છે.
- આ યાદીમાં TTK પ્રેસ્ટિજ અંતિમ ૫૦૦નાં ક્રમે છે.
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડની સ્થાપના વર્ષ ૧૯૭૭માં ધીરૂભાઇ અંબાણી દ્વારા કરવામાં આવી હતી.
- હાલ ૪૭% શેર સાથે મુકેશ અંબાણી કંપનીના ચેરમેન અને મનેજિંગ ડિરેક્ટર છે.
- તાજેતરમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની માર્કેટકેપ ૧૦ લાખ કરોડની થઇ છે.
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ૧૦ લાખ કરોડ માર્કેટ કેપ ધરાવતી ભારતની પ્રથમ કંપની છે.
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ વર્ષ ૨૦૧૭માં ફોર્ચ્યુન ગ્લોબલની ૫૦૦ કંપનીની સૂચિમાં ૨૦૩મું સ્થાન ધરાવે છે.

**(3) કુલદીપ યાદવ – આંતરરાષ્ટ્રીય મેચમાં બે વખત હેટ્રીક લેનાર પ્રથમ ભારતીય બોલર :**

- તાજેતરમાં ભારત અને વેસ્ટ– ઇન્ડિઝ વચ્ચે યોજાયેલ વન ડે મેચમાં ભારતીય સ્પિનટર કુલદીપ યાદવે બે વખત હેટ્રીક લીધી.
- તેઓ આંતરરાષ્ટ્રીય મેચમાં બે વખત હેટ્રીક લેનાર પ્રથમ ભારતીય બોલર બન્યા.
- વન ડે મેચમાં સર્વાધિક હેટ્રીક લેવાનો રેકોર્ડ શ્રીલંકાના લસિથ મલિંગાના નામે છે.
- તેમણે વન ડે મેચમાં ત્રણ હેટ્રિક લીધી છે.
- કુલદીપ યાદવ ઉત્તર પ્રદેશ રાજ્યના વતની છે.

**(૫) ભારતના ટોપ-૧૦૦ સેલિબ્રિટીની ફોર્બ્સની વર્ષ ૨૦૧૯ યાદી – વિરાટ કોહલી પ્રથમ સ્થાને**

- તાજેતરમાં ફોર્બ્સ દ્વારા ભારતના ટોપ ૧૦૦ સેલિબ્રિટીની ફોર્બ્સની વર્ષ ૨૦૧૯ યાદીમાં જાહેર કરવામાં આવી.
- આ યાદીમાં ભારતીય ક્રિકેટર વિરાટ કોહલી પ્રથમ સ્થાને છે.
- આ યાદીમાં અભિનેતા અક્ષય કુમાર અને અભિનેતા સલમાન ખાન અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.
- આ યાદીમાં સેલિબ્રિટીની વર્ષ ૨૦૧૯ની અંદાજિત આવક અને પ્રિન્ટ તેમજ સોશિયલ મીડિયામાં લોકપ્રિયતાને આધારે તૈયાર કરવામાં આવી છે.

પ્રશ્નો :

૧ આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ ક્યારે મનાવાય છે ?

- ૨૦ ડિસેમ્બર

૨ ફોર્ચ્યુન ઇન્ડિયા દ્વારા સૌથી મોટી ૫૦૦ કંપનીઓમાં પ્રથમ સ્થાને કઇ કંપની છે ?

- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ

૩ આંતરરાષ્ટ્રીય મેચમાં બે વખત હેટ્રીક લેનાર પ્રથમ ભારતીય બોલર જણાવો ?

- કુલદીવ યાદવ

૪ કુલદીપ યાદવ કયાં રાજયના વતની છે ?

- ઉત્તર પ્રદેશ

૫ ભારતના ટોપ-૧૦૦ સેલીબ્રિટીની ફોર્બ્સની વર્ષ-૨૦૧૯ની યાદી પ્રમાણે પ્રથમ સ્થાને કોણ છે ?

- વિરાટ કોહલી

## 21. December. 2019

**(૧) શ્રી રતીલાલ બોરીસાગર – સાહિત્ય અકાદમી એવોર્ડ– ૨૦૧૯**

- તાજેતરમાં સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા ભારતની ૨૩ ભાષાઓમાં વર્ષ ૨૦૧૯ના સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા સર્જકોની જાહેરાત કરવામાં આવી.
- આ અંતર્ગત વર્ષ ૨૦૧૯ના ગુજરાતી ભાષાના સાહિત્ય અકાદમી એવોર્ડ માટે ગુજરાતના પ્રસિદ્ધ હાસ્યલેખકશ્રી રતીલાલ બોરીસાગરની પસંદગી કરવામાં આવી.
- તેમને આ પુરસ્કાર તેમની મોજમાં રેવું રે કૃતિ માટે એનાયત થયો છે.
- શ્રી રતીલાલ બોરીસાગર પ્રસિદ્ધ ગુજરાતી હાસ્ય લેખક અને નિબંધકાર છે.
- શ્રી રતિલાલ બોરીસાગરનું પુરૂનામ બોરીસાગર રતિલાલ મોહનલાલ છે.
- તેમનો જન્મ ભાવનગર કુંડલા ખાતે ૩૧ ઓગસ્ટ ૧૯૩૮ના રોજ થયો હતો. હાલમાં સાવરકુંડલા તરીકે જાણીતું આ ગામ અમરેલી જિલ્લામાં આવેલું છે.
- તેમણે ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ ગાંધીનગરમાં એકેડમીક સેક્રેટરી તરીકે તેમજ ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી તરીકે સેવાઓ આપેલી છે.
- તેઓ અખંડ આનંદના સહતંત્રી તરીકે પણ જોડાયા હતા. તેમણે વર્ષ ૧૯૯૮માં સંદેશમાં શરૂ થયેલી તેમની મરક મરક કોલમ પ્રસિદ્ધ થઇ હતી.
- તેમની પ્રથમ વાર્તા સમાજ જાગશે નામની હતી જે મહિલા જગત નામના સામયિકમાં પ્રસિદ્ધ થઇ હતી.
- મરક મરક, આનંદલોક, મોજમાં રહેવું, ભદ્રભદ્ર અમર છે, એન્જોયગ્રાફી, તિલક કરતા ત્રેસઠ થયા, ભજ આનન્દમ્, ઓમ હાસ્યમ્, વિનોદ વૈકુંઠમાં વગેરેનો તેમના પ્રસિદ્ધ પુસ્તકોમાં છે.
- જેમાં મરક મરક તેમનો પ્રથમ હાસ્ય સંગ્રહ છે.
- તેમણે સંભવામિ યુગે યુગે નામની લઘુનવલ અને પણ લખી છે.
- શ્રી રતિલાલ બોરીસાગરના છત્રી નામનો હાસ્ય નિબંધનો ધોરણ ૧૦ના ગુજરાતી ભાષાના પાઠ્યપુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જે તેમના ઓમ હાસ્યમ નામના પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે.
- દર વર્ષે રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા ભારતીય બંધારણ દ્વારા માન્ય ૨૨ ભાષાઓ ઉપરાંત અંગ્રેજી અને રાજસ્થાની ભાષા સાહિત કુલ ૨૪ ભાષાઓના સાહિત્યમાંથી એક એક કૃતિને પારિતોષિકથી સન્માનિત કરવામાં આવે છે.

- ભારતમાં સાહિત્ય અકાદમી પુરસ્કાર પ્રારંભ ૧૯૫૫ થી થયો હતો.
- સૌ પ્રથમ શ્રી મહાદેવભાઈ દેસાઇને તેમની કૃતિ મહાદેવભાઇની ડાયરી (ડાયરી સાહિત્ય) માટે ગુજરાતી ભાષા માટેનો એવોર્ડ એનાયત થયો હતો.
- વર્ષ ૨૦૧૮માં સુશ્રી શરીફા વીજળીવાળાને તેમની કૃતિ વિભાજનની વ્યથા માટે આ પુરસ્કાર એનાયત થયો હતો.
- આ એવોર્ડ અંતર્ગત વિજેતાને શાલ તામ્રપત્ર અને એક લાખ રોકડા પુરસ્કાર અર્પણ કરવામાં આવે છે.
- સાહિત્ય અકાદમી દિલ્હીને નેશનલ એકેડમી ઓફ લેટરસ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તેની સ્થાપના ભારત સરકાર દ્વારા ૧૨ માર્ચ ૧૯૯૫ના રોજ કરવામાં આવી હતી.
- સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા તેમના મુખ્ય પુરસ્કાર સાહિત્ય અકાદમી એવોર્ડ ઉપરાંત સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર અને સાહિત્ય બાળ સાહિત્ય પુરસ્કાર પણ દર વર્ષે એનાયત થાય છે.

**(૨) એન્ટી હાઇ જેકિન્ગ અભ્યાસ અપહરણનું આયોજન :**

- તાજેતરમાં ભારતીય નૌસેના અને ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા કેરલના કોચીન બંદર ખાતે એન્ટી હાઇ જેકિન્ગ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું હતું.
- જેનું નામ અપહરણ રાખવામાં આવ્યું હતું.
- આ અભ્યાસનું આયોજન સોમાલિયાના સમુદ્રી લુટેરા દ્વારા અવારનવાર વ્યાપારી જહા જોને હાઇજેક કરવામાં આવે છે આથી આ સ્થિતિમાં ભારતીય જ જહાજોના રક્ષણ માટે કરવામાં આવ્યું હતું.
- આ અભ્યાસમાં ૧૨ યુદ્ધ જહાજ અને કેટલાક હેલિકોપ્ટરે પણ ભાગ લીધો હતો.
- ભારતમાં પ્રથમ વખત આટલા મોટાપાયે યોજાયેલા એન્ટી હાઇ જેકિન્ગ અભ્યાસમાં વિવિધ એજન્સીઓ જેવી કે કોચીન પોર્ટ ટ્રસ્ટ ભારતીય નૌસેના અને ભારતીય કોસ્ટગાર્ડે ભાગ લીધો હતો.

**(૩) આઇસીસી મહિલા એવોર્ડસ ૨૦૧૯ :**

- તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સીલ દ્વારા આઇસીસી મહિલા એવોર્ડસ ૨૦૧૯ની જાહેરાત કરવામાં આવી.
- આઇસીસી દ્વારા વર્ષ ૨૦૧૯ની મહિલા વન ડે ક્રિકેટ ટીમ ઓફ ધ યરમાં જાહેર કરવામાં આવી છે.
- જેમાં સ્મૃતિ માંધાના, શિખા પાંડે, જૂલન ગોસ્વામી અને પૂનમ યાદવ સહિત કુલ ચાર ભારતીય મહિલા ક્રિકેટરનો સમાવેશ થયો છે.
- આ ઉપરાંત આઇસીસી દ્વારા વર્ષ ૨૦૧૯ની મહિલા ટી–૨૦ ક્રિકેટ ટીમ ઓફ ધ યરમાં જાહેર કરવામાં આવી છે. જેમાં ભારતીય મહીલા ક્રિકેટ સ્મૃતિ માંધાના દિપ્તી શર્મા અને રાધા યાદવનો સમાવેશ થયો છે.
- આ બંને ટીમના કેપ્ટન તરીકે ઓસ્ટ્રેલીયાના મેગ લેનિંગની પસંદગી થઇ છે.

**આઇસીસી મહિલા એવોર્ડસ –૨૦૧૯**

| એવોર્ડ | વિજેતા ખેલાડી | ટીમ (દેશ) |
|---|---|---|
| મહિલા ક્રિકેટર ઓફ ધ યર | એલિસ પેરી | ઓસ્ટ્રેલીયા |
| મહિલા વન ડે ક્રિકેટર ઓફ ધ યર | એલિસ પેરી | ઓસ્ટ્રેલીયા |
| મહિલા ટી–૨૦ ક્રિકેટર ઓફ ધ યર | એલિસા હીલી | ઓસ્ટ્રેલીયા |
| ઊભરતા મહિલા ક્રિકેટર ઓફ ધ યર | ચનીદા સથીરૂઆંગ | થાઇલેન્ડ |

**ICC- International Cricket Council**

- આઇસીસીની સ્થાપના વર્ષ ૧૯૦૯માં થઇ હતી. તેની સ્થાપના ઓસ્ટ્રેલીયા, ઇંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાના પ્રતિનિધિઓ દ્વારા ઇમ્પીરિયલ ક્રિકેટ કોન્ફરન્સ તરીકે કરવામાં આવી હતી.
- બાદમાં વર્ષ ૧૯૬૫માં તેનું નામ ઇન્ટરનેશનલ ક્રિકેટ કોન્ફરન્સ અને વર્ષ ૧૯૮૯માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ) કરવામાં આવ્યું.
- આઇસીસ વૈશ્વિક ક્રિકેટનું સંચાલન કરે છે. હાલ ૧૦૫ દેશો આઇસીસીના સભ્યો છે.
- આઇસીસીના મુખ્ય કાર્યકારી અધિકારી મનુ સાહની છે.
- આઇસીસીના ચેરમેન શશાંક મનોહર છે. તેનું મુખ્યમથક – દુબઇ

પ્રશ્નો :

૧ ગુજરાતી ભાષા માટેનો સાહિત્ય અકાદમી એવોર્ડ-૨૦૧૯ કોને એનાયત થયો છે ?

- શ્રી રતિલાલ બોરીસાગર

૨ રતીલાલ બોરીસાગરને કઇ કૃતિ માટે સાહિત્ય અકાદમી એવોર્ડ-૨૦૧૯ એનાયત થયો ?

- મોજ મા રેવું રે

૩ એન્ટી હાઈ જેકિંગ અભ્યાસ -૨૦૧૯નું આયોજન કયાં થયું હતું ?

- કેરલના કોચીન બંદર ખાતે

૪ આઈસીસી મહિલા એવોર્ડ-૨૦૧૯ અંતર્ગત મહિલા ક્રિકેટર ઓફ ધ યર જણાવો ?

- એલિસ પેરી

૫ એલીસા પેરી કયા દેશના ખેલાડી છે ?

- ઓસ્ટ્રેલીયા

૬ આઈસીસીના ચેરમેન જણાવો ?

- શશાંક મનોહર

## 22. December. 2019

**(૧) રાષ્ટ્રીય ગણિત દિવસ :**

- દર વર્ષે ૨૨ ડિસેમ્બર રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનની યાદમાં કરવામાં આવે છે.
- પ્રથમ ઉજવણી વર્ષ ૨૦૧૨માં કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણી અંગેની જાહેરાત ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ દ્વારા શ્રીનિવાસ રામાનુજનની ૧૨૫ મી જન્મજયંતિ નિમિત્તે કરવામાં આવી હતી.



Vivekanand Academy Gandhinagar

- શ્રીનિવાસ રામાનુજનનો જન્મ ૨૨ ડિસેમ્બર ૧૮૮૭ના રોજ તમિલનાડુના ઇરોડ ખાતે થયો હતો.
- તેમનું નિધન ૨૬ એપ્રિલ ૧૯૨૦ના રોજ થયું હતું.
- ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૨ને રાષ્ટ્રીય ગણિત વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું હતું.

**(૨) IPL-2020**

- તાજેતરમાં પશ્ચિમ બંગાળના કોલકત્તા ખાતે આઇપીએલ ૨૦૨૦ માટે ખેલાડીની લિલામીનું આયોજન થયું હતું.
- ૨૮ માર્ચથી ૨૪ મે ૨૦૨૦ દરમ્યાન યોજાનાર આ ટુર્નામેન્ટ આઇપીએલની ૧૩ મી ટુર્નામેન્ટ છે.
- લિલામી અગાઉ આઇપીએલ ટીમો દ્વારા તેમની ગત ટુર્નામેન્ટની ટીમના કેટલા ખેલાડીઓને પોતાની ટીમમાં જાળવી રાખવામાં આવ્યા હતા.
- જે માટે તેમણે જે તે ખેલાડીને રિટેઇન ફી ચૂકવી હતી. જેમાં સૌથી વધુ રીટેઇન ફી મેળવનાર ખેલાડીઓમા વિરાટ કોહલી પ્રથમ સ્થાને છે.
- રોયલ ચેલેંજર બેંગ્લોર ટીમ દ્વારા વિરાટ કોહલીને ૧૭ કરોડ રૂા. રીટેઇન ફી ચૂકવવામાં આવી છે.

**સૌથી વધુ રીટેઇન ફી ધરાવતા ખેલાડીઓ :**

| ખેલાડી | ટીમ | રીટેઇન ફી |
|---|---|---|
| વિરાટ કોહલી | રોયલ ચેલેંજર બેંગ્લોર | ૧૭ કરોડ રૂા. |
| રોહિત શર્મા | મુંબઇ ઇન્ડિયન્સ | ૧૫ કરોડ રૂા. |
| મહેન્દ્રસિંહ ધોની | ચેન્નાઇ સુપર કિંગ્સ | ૧૫ કરોડ રૂા. |
| રિષભ પંત | દિલ્હી કેપિટલ્સ | ૧૫ કરોડ રૂા. |
| ડેવિડ વોર્નર | સનરાઇઝર્સ હૈદરાબાદ | ૧૨.૫ કરોડ રૂા. |
| સુનિલ નરૈન | કોલકત્તા નાઇટ રાઇડર્સ | ૧૨.૫ કરોડ રૂા. |
| સ્ટિવ સ્મિથ | રાજસ્થાન રોયલ્સ | ૧૨.૫ કરોડ રૂા. |
| બેન સ્ટોક્સ | રાજસ્થાન રોયલ્સ | ૧૨.૫ કરોડ રૂા. |

- રીટેઇન ખેલાડીની જાહેરાત બાદ આઇપીએલ ૨૦૨૦ માટે ખેલાડીની લિલામીનું આયોજન થયું હતું જેમાં સૌથી વધુ રકમમાં ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર પેટ કમિન્સ વેચાયો છે જેને કોલકત્તા નાઇટ રાઇડર્સ દ્વારા ૧૫.૫ કરોડ રૂા.માં ખરીદવામાં આવ્યા.
- જ્યારે સૌથી વધુ રકમમાં વેચાયેલ ભારતીય ખેલાડી પિયુષ ચાવલા છે. જેને ચેન્નાઈ સુપર કિંગ્સ દ્વારા ૬.૭૫ કરોડ રૂા.માં ખરીદવામાં આવ્યા.

**આઇપીએલ :**

- ઇન્ડિયન પ્રિમિયર લીગ ભારતની પ્રોફેશનલ ટી–૨૦ લિગ છે.
- આઇપીએલનું આયોજન ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા કરવામાં આવે છે.
- આઇપીએલની પ્રથમ ટુર્નામેન્ટનું આયોજન વર્ષ ૨૦૦૮માં થયું હતું.
- આઇપીએલની શરૂઆતમાં લલિત મોદીની મહત્વની ભૂમિકા હતી. તેઓ આઇપીએલના પ્રથમ ચેરમેન હતા. ભારતીય શહેરો અને કેટલાક રાજ્યોની પ્રતિનિધિત્વ કરતા ટીમો દ્વારા આ ટુર્નામેન્ટમાં ભાગ લેવામાં આવે છે.
- આઇપીઅલની પ્રથમ સીરિઝ રાજસ્થાન રોયલ્સએ જીતી હતી. જેની ફાઇનલ મેચ મુંબઇ ખાતે યોજાઇ હતી.
- મુંબઇ ઇન્ડિયન્સ આઇપીએલની સૌથી વધુ ચાર વખત ચેમ્પિયન બનનાર ટીમ છે. (વર્ષ ૨૦૧૩, ૨૦૧૫, ૨૦૧૭ અને ૨૦૧૯)
- ચેન્નાઇ સુપર કિંગ્સે કુલ ત્રણ વખત ચેમ્પિયન બની છે. (વર્ષ ૨૦૧૦, ૨૦૧૧, અને ૨૦૧૮)
- આઇપીએલની બધી જ સીરિઝમાં સૌથી વધુ રન કરનાર ખેલાડી વિરાટ કોહલી છે તેણે આઇપીએલમાં ૫૪૧૨ રન કર્યા છે. જ્યારે સૌથી વધુ વિકેટ લેનાર ખેલાડી લસિથ મલિંગા છે તેણે આઇપીએલમાં ૧૭૦ વિકેટ લીધી છે.

પ્રશ્નો :

૧ રાષ્ટ્રીય ગણિત દિવસ ક્યારે મનાવાય છે ?
- ૨૨ ડિસેમ્બર

૨ ભારત સરકાર દ્વારા કયા વર્ષને 'રાષ્ટ્રીય ગણિત વર્ષ' તરીકે ઉજવવામાં આવ્યું હતું ?
- ૨૦૧૨

૩ આઈપીએલ-૨૦૨૦ ખેલાડીની લિલામીનં આયોજન કયાં થયું હતું ?
- કોલકત્તા (પશ્ચિમ બંગાળ)

૪ આઈપીએલ -૨૦૨૦માં લિલામીમાં સૌથી મોંઘા ખેલાડીનું નામ જણાવો ?
- પેટ કમિન્સ

૫ દેશના બળાત્કારના કેસોનો ઝડપથી નિકાલ માટેની સમિતિની રચના કોના દ્વારા કરવામાં આવી ?
- એસ.એ. બોબડે

૬ સુપ્રીમ કોર્ટની સ્થાપના કયાં અનુચ્છેદ અંતર્ગત કરવામાં આવી છે ?
- A-124

## 23. December. 2019

**(૧) રાષ્ટ્રીય કિસાન દિવસ :**

- દર વર્ષે ૨૩ ડિસેમ્બરના રોજ ભારતભરમાં રાષ્ટ્રીય કિસાન દિવસ મનાવવામાં આવે છે
- ભારત સરકાર દ્વારા આ દિવસની ઉજવણી વર્ષ ૨૦૦૧ થી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી ભારતના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શ્રી ચૌધરી ચરણસિંહના જન્મદિવસ નિમિત્તે કરવામાં આવે છે.
- તેમનો જન્મ ઉત્તરપ્રદેશના નુરપુર ખાતે થયો હતો.
- જમીનદારી નાબૂદી ધારાને ઘડવામાં અને તેના અમલમાં ચૌધરી ચરણસિંહનો અમૂલ્ય ફાળો હતો.
- તેમનું પુસ્તક 'શિષ્ટાચાર' ખૂબ જ પ્રખ્યાત છે.
- ચૌધરી ચરણસિંહનું અવસાન ૨૯ મે ૧૯૮૭ના રોજ થયું હતું.
- ચૌધરી ચરણસિંહ દેશના એકમાત્ર એવા પ્રધાનમંત્રી છે જેઓ પોતાના પ્રધાનમંત્રી કાર્યકાળ દરમ્યાન ક્યારેય લોકસભામાં હાજર રહ્યા ન હતા.
- તેમનું સમાધિ સ્થળ કિસાન ઘાટ છે. આ સમાધિ દિલ્હી ખાતે આવેલ છે.

– ઉત્તર પ્રદેશના લખનૌમાં આવેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ ચૌધરી ચરણસિંહ ઇન્ટરનેશનલ એરપોર્ટ તરીકે ઓળખાય છે.

**(૨) રાષ્ટ્રીય બ્રોડબેન્ડ અભિયાન :**

– તાજેતરમાં કેન્દ્રીય મંત્રીશ્રી રવિશંકર પ્રસાદ દ્વારા રાષ્ટ્રીય બ્રોડબેન્ડ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું.

– આ મિશન અંતર્ગત વર્ષ ૨૦૨૦ સુધીમાં દેશના ગ્રામીણ વિસ્તાર અને છેવાડાના વિસ્તારમાં બ્રોડબેન્ડ સેવા શરૂ કરવામાં આવશે.

– આ મિશન અંતર્ગત દેશની ૨.૫૦ લાખ ગ્રામ પંચાયતોને ઓપ્ટિકલ ફાઇબર નેટવર્કથી જોડવામાં આવશે.

– આ મિશન અંતર્ગત દેશના મોબાઇલ ટાવરની સંખ્યામાં વધારો કરવામાં આવશે.

– આ મિશન નેશનલ ડિજિટલ કોમ્યુનિકેશન્સ પોલિસી ૨૦૧૮નો એક ભાગ છે.

– આ મિશનમાં દેશમાં ૩૦ લાખ કિલોમીટર વિસ્તારમાં ઓપ્ટિકલ ફાઇબર રાખવામાં આવશે.

– આ મિશનની જાહેરાત પ્રથમ વખત ૧૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી.

**(૩) પિનાકા ગાઇડેડ વેપન સિસ્ટમનું સફળ પરીક્ષણ :**

– તાજેતરમાં ડીઆરડીઓ દ્વારા વિકસાવવામાં આવેલ પિનાકા ગાઇડેડ વેપન સિસ્ટમનું ઓડિશાના ચાંદીપુર ખાતે સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.

– આ સફળ પરીક્ષણ ભારતીય સૈન્યની શસ્ત્રાગાર ક્ષમતામાં વધારો કરશે.

– પિનાકા ગાઇડેડ વેપન સિસ્ટમમાં એડવાન્સ્ડ નેવિગેશન અને કંટ્રોલ સિસ્ટમ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

– પરીક્ષણ દરમિયાન પિનાકાએ તેના લક્ષ્યને સચોટ રીતે ધ્વસ્ત કર્યું હતું. આ પરીક્ષણ દરમ્યાન ફ્લાઇટ પાથના ટ્રેકિંગ માટે ટેલિમેટ્રી સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

– આ વેપન સિસ્ટમનું નામ ભગવાન શિવના ધનુષ્ય 'પિનાકા' પર રાખવામાં આવ્યું છે.

– પિનાકાની પ્રારંભિક રેન્જ ૩૦ થી ૪૦ કિલોમીટરની હતી. બાદમાં પિનકા માર્ક ૨ ની સાથે શ્રેણીને ૭૦ થી ૮૦ કિમી સુધી લંબાવી હતી.

– પિનાકા માર્ક ૧ નો ઉપયોગ પાકિસ્તાન વિરૂદ્ધ કારગિલ યુદ્ધમાં થયો હતો.

**(૪) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજ તબક્કાની શરૂઆત :**

– તાજેતરમાં કેન્દ્રીય ગ્રામીણ વિકાસ, કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રીશ્રી નરેન્દ્રસિંહ તોમર દ્વારા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY) ના ત્રીજા તબક્કાની શરૂઆત કરવામાં આવી.

– આ યોજના અંતર્ગત દેશના ૩૮, ૪૧૨ જગ્યાઓને ૮૪, ૯૩૪ કરોડના ખર્ચે રોડ નેટવર્કથી જોડવામાં આવશે. જેમાં ૧૨૫૦૦૦ કિલોમીટર લંબાઇ ધરાવતા રસ્તાનું નિર્માણ કરાશે.

– પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY)ના ત્રીજા તબક્કાનો સમયગાળો વર્ષ ૨૦૧૯–૨૦ થી વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન રહેશે.

– પ્રધાનમંત્રી ગ્રામ સડક અંતર્ગત કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે ખર્ચનો હિસ્સો ૬૦:૪૦ ટકાનો રહેશે.

– ઉત્તર પૂર્વીય રાજ્યો અને હિમાલય ક્ષેત્રના ત્રણ રાજ્યો (ઉત્તરાખંડ, જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશ) માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે ખર્ચનો હિસ્સો ૯૦:૧૦ રહેશે.

– ત્રીજા તબક્કા અંતર્ગત પાંચ વર્ષમાં ૮૦,૨૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

**(૫) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના :**

– પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાને ૨૫ ડિસેમ્બર ૨૦૦૦માં લોન્ચ કરવામાં આવી હતી.

– આ યોજના દેશના ભુતપૂર્વ પ્રધાનમંત્રીશ્રી અટલ બિહારી વાજપેયી સરકારની મહત્વની યોજનાઓ પૈકી એક છે.

– આ યોજના ગ્રામીણ વિકાસ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.

– પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ગ્રામીણ ભારતમાં રોડ કનેક્ટિવિટીને પ્રોત્સાહન આપવામાં આવે છે.

– પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત એપ્રિલ ૨૦૧૯ સુધીમાં ૫,૯૯,૦૯૦ કિલોમીટર સડકનું નિર્માણ કરવામાં આવ્યું છે.

પ્રશ્નો :

૧ રાષ્ટ્રીય કિસાન દિવસ ક્યારે મનાવાય છે ?

- ૨૩ ડિસેમ્બર

૨ રાષ્ટ્રીય કિસાન દિવસ કોની યાદમાં ઉજવાય છે ?

- ચૌધરી ચરણસિંહ

૩ ચૌધરી ચરણસિંહ ઇન્ટરનેશનલ એરપોર્ટ કયાં આવેલ છે ?

- લખનૌ, ઉત્તરપ્રદેશ

૪ રાષ્ટ્રીય બ્રોડબેન્ડ અભિયાન કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યું ?

- રવિશંકર પ્રસાદ

૫ કેન્દ્રીય ગ્રામીણ વિકાસ કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રીનું નામ જણાવો ?

- નરેન્દ્રસિંહ તોમર

૬ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના ક્યારે લોન્ચ કરવામાં આવી હતી ?

- ૨૫ ડિસેમ્બર ૨૦૦૦

## 24. December. 2019

**(૧) રાષ્ટ્રીય ગ્રાહક દિવસ :**

– દર વર્ષે ૨૪ ડિસેમ્બરના રોજ ભારતભરમાં રાષ્ટ્રીય ગ્રાહક દિવસ મનાવવામાં આવે છે.

– દેશમાં ૨૪ ડિસેમ્બર ૧૯૮૬ના રોજ રાષ્ટ્રપતિ દ્વારા ગ્રાહક સુરક્ષા કાયદા, ૧૯૮૬ને મંજૂરી આપવામાંઆ ।વી હતી. માટે ૨૪ ડિસેમ્બરના રોજ ભારતભરમાં રાષ્ટ્રીય ગ્રાહક દિવસ મનાવવામાં આવે છે.

– આ દિવસ રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે.

Vivekanand Academy Gandhinagar

- ૨૦૧૯ થીમ – Alternate Consumer Grievance/ Dispute Redressal
- ૧૫ માર્ચના રોજ વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ મનાવવામાં આવે છે.

**(૨) જીએસટી કાઉન્સીલની ૩૮મી બેઠક :**

- તાજેતરમાં જીએસટી કાઉન્સીલની ૩૮મી બેઠકનું આયોજન થયું હતું. જેમાં દેશભરની લોટરીઓ પર સમાન દર માટે ૨૮% નો સ્લેબ લાગુ કરવામાં આવ્યો.
- આ ઉપરાંત કાઉન્સીલ દ્વારા ૨૦% માલિકી ધરાવતી તમામ સંસ્થાઓને ૧ જાન્યુઆરી ૨૦૨૦ થી લાંબા ગાળાની જમીન પટ્ટાઓ માટે ચૂકવવામાં આવતા જીએસટીમાંથી મુક્તિ મળશે. અગાઉ આ સુવિધા ફક્ત ૫૦% સકારનો હિસ્સો ધરાવતી સંસ્થાઓને જ આપવામાં આવતો હતો.
- જીએસટી કાઉન્સીલ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સનું સંચાલન કરે છે.
- ૧ જુલાઇ ૨૦૧૭ના રોજ મધરાતે દેશના સૌથી મોટા આર્થિક સુધાર એવા ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સનો અમલ શરૂ થયો હતો.
- સંસદનું વિશેષ સત્ર બોલાવીને જીએસટી લાગુ કરાયું હતું. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની અધ્યક્ષતામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાત્રિના ૧૨ વાગ્યે સંસદની બેઠક બોલાવી જીએસટી લોન્ચ કર્યું હતું.

**GST :**

- GST - Goods and Service Tax
- જીએસટી લાગુ કરવાનો મુખ્ય હેતુ 'એક દેશ– એક કર' છે.
- ભારતમાં GST લાગુ –૧ જુલાઇ ૨૦૧૭
- વિશ્વમાં GST લાગુ કરનાર પ્રથમ દેશ – ફ્રાંસ
- GST બિલ રાષ્ટ્રપતિની મંજૂરી– ૮ સપ્ટેમ્બર ૨૦૧૬
- GST નંબર કુલ ૧૫ સંખ્યામાં હોય છે.
- GST કાઉન્સિલ અધ્યક્ષ – નાણાંમંત્રી
- GST કાઉન્સિલ મુખ્યમથક– નવી દિલ્લી
- GST દિવસ – ૧ જુલાઇ
- GST લાગુ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય – આસામ
- GST લાગુ કરનાર ભારતનું અંતિમ રાજ્ય – જમ્મુ કાશ્મીર
- GST ના ત્રણ ભાગો –CGST, SGST, IGST
- CGST બ્રાન્ડ એમ્બેસેડર– અમિતાભ બચ્ચન

**(૩) ઓપરેશન ટ્વિસ્ટ – ભારતીય રિઝર્વ બેંક :**

- તાજેતરમાં ભારતીય રિઝર્વ બેંક દ્વારા દેશમાં લાંબા ગાળાના વ્યાજ દરમાં ઘટાડો કરવા માટે ઓપરેશન ટ્વિસ્ટ લોન્ચ કરવામાં આવ્યું.
- દેશમાં લાંબા ગાળાના વ્યાજદર ઘટાડવા માટે આ પ્રકારનું ઓપરેશન લોન્ચ કરવામાં આવ્યું હોય તેવી પ્રથમ ઘટના છે.
- આ ઓપરેશન અંતર્ગત ભારતીય રિઝર્વ બેંક ૧૦ વર્ષ બાદ એટલે કે વર્ષ ૨૦૨૯ની લાંબી મુદ્દતે પાકતા લાંબાગાળાના ૧૦ હજાર કરોડ રૂપિયાના સરકારી બોન્ડ ખરીદશે.
- નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨માં લાંબા ગાળાની લોન સસ્તી કરવા માટે અમેરિકાની સેન્ટ્રલ બેંક Federal bank દ્વારા આ પ્રકારનું મિશન લોન્ચ કરવામાં આવ્યું હતું.

**રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા :**

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ) ની સ્થાપના ૧ એપ્રિલ ૧૯૩૫ના રોજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ ૧૯૩૪ અંતર્ગત થઇ હતી.
- શરૂઆતના વર્ષોમાં આરબીઆઈ ખાનગી બેંક તરીકે કાર્યરત હતી બાદમાં વર્ષ ૧ જાન્યુઆરી ૧૯૪૯ના રોજ તેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું.
- આરબીઆઇ ભારતની મધ્યસ્થ બેંક છે તે દેશની તમામ બેન્કોનું સંચાલન કરે છે. આરબીઆઇનું મુખ્યમથક મુંબઇ ખાતે આવેલ છે.
- આરબીઆઇના પ્રથમ ગવર્નર – સર ઓસ્બ્રોન સ્મિથ હતા. આરબીઆઇના પ્રથમ ભારતીય ગવર્નર – સી.ડી. દેશમુખ
- આરબીઆઇના ૨૫માં ગવર્નર તરીકે હાલમાં શક્તિકાંતદાસ પદ પર છે.

**(૪) રાજ્યના MSME એકમોને પ્રોત્સાહન આપવા ગુજરાત સરકાર દ્વારા MOU**

- તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા રાજ્યના MSME એકમોને પ્રોત્સાહન આપવા અને તેમના દેવામાં ઘટાડો થાય તે માટે નેશનલ સ્ટોક એક્સચેન્જ સાથે એમઓયુ કર્યા.
- આ એમઓયુથી ગુજરાતના MSME એકમો હવે પબ્લિક ઇશ્યુ દ્વારા નાણાં મેળવી શકશે.
- આ સાથે જ રાજ્ય સરકાર દ્વારા MSME એકમોને પ્રોત્સાહન આપવા માટે બેંક ઓફ બરોડા સાથે પણ એમઓયુ કર્યા છે.
- બેન્ક ઓફ બરોડા સાથે થયેલ એમઓયુ અંતર્ગત રાજ્યમાં ૫ કરોડ સુધીના પ્રોજેક્ટ ધરાવતા MSME એકમોની લોન ફક્ત ૭ દિવસમાં મંજૂર કરવામાં આવશે.
- ૫ કરોડથી વધુની પ્રોજેક્ટની લોન ફક્ત ૭ દિવસમાં મંજૂર કરવામાં આવશે.
- ૫ કરોડથી વધુની પ્રોજેક્ટની લોન્ ફક્ત ૨૧ દિવસમાં મંજૂર થઇ શકશે.
- MSME-Ministry of Micro, Small and Medium Enterprises.

પ્રશ્નો :

૧ રાષ્ટ્રીય ગ્રાહક દિવસ ક્યારે મનાવાય છે ?
- ૨૪ ડિસેમ્બર

૨ વિશ્વ ગ્રાહક દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૧૫ માર્ચ

૩ જીએસટીનું પૂરનામ જણાવો ?
- ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ

૪ ભારતમાં જીએસટી લાગુ ક્યારે થયો ?
- ૧ જુલાઈ ૨૦૧૭

૫ ઓપરેશન ટ્વીસ્ટ કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યું ?

- ભારતીય રિઝર્વ બેંક

૬ MSME નું પુરૂનામ જણાવો ?

- MSME-Ministry of Micro, Small and Medium Enterprises.

**25. December. 2019**

**(૧) રાષ્ટ્રીય સુશાસન દિવસ :**

- દર વર્ષે ૨૪ ડિસેમ્બરના રોજ ભારતભરમાં રાષ્ટ્રીય સુશાસન દિવસ મનાવવામાં આવે છે.
- દેશમાં ભારતના પૂર્વ વડાપ્રધાન ભારતરત્નશ્રી અટલબિહારી વાજપેઇના જન્મદિવસ ભારત ભરમાં રાષ્ટ્રીય સુશાસન દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસની પ્રથમ ઉજવણી વર્ષ ૨૦૧૪માં કરવામાં આવી હતી.
- શ્રી અટલ બિહારી વાજપેઇનો જન્મ મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં ૨૫ ડિસેમ્બર ૧૯૨૪નો રોજ થયો હતો.
- પ્રજાસત્તાક ભારતના ૧૦ માં વડાપ્રધાન તરીકે અલગ અલગ ત્રણ વખત સેવા આપી.
- તેઓ પ્રથમ વખત ૧૬ મે ૧૯૯૬ના રોજ દેશના પ્રધાનમંત્રી બન્યા હતા.
- તેઓ પ્રધાનમંત્રી તરીકે પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરનાર પ્રથમ બિનકોંગ્રેસી પ્રધાનમંત્રી હતા.
- વર્ષ ૨૦૧૫માં તત્કાલિન રાષ્ટ્રપતિશ્રી પ્રણવ મુખર્જી દ્વારા તેમને ભારત રત્ન સન્માન એનાયત કરવામાં આવ્યું હતું.
- તેમનું નવી દિલ્હી સ્થિત એઇમ્સ હોસ્પિટલમાં ૧૬ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ તેમનું નિધન થયું હતું.
- ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ નવી દિલ્હી ખાતે ભારતરત્નથી અટલ બિહારી વાજપેઇના સમાધિ સ્થળ સદૈવ અટલને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું હતું.

**(૨) રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર –૨૦૧૯ :**

- તાજેતરમાં નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે યોજાયેલ એક સમારોહમાં વિજેતાઓને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર ૨૦૧૯ એનાયત કરવામાં આવ્યા.
- આ સમારોહમાં દેશના ઉપરાષ્ટ્રપતિશ્રી એમ. વેકૈયા નાયડુએ વિજેતાઓને પુરસ્કાર આપી સન્માનીત કર્યા હતા.
- વર્ષ ૨૦૧૮માં પ્રસિદ્ધ થયેલ ફિલ્મોને આ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે.
- ૬૬માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં મોસ્ટ ફિલ્મ ફ્રેંડલી સ્ટેટ તરીકે ઉત્તરાખંડ રાજ્યને સન્માનીત કરવામાં આવ્યું.
- રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કર ૨૦૧૯ ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ્સ દ્વારા એનાયત કરવામાં આવે છે.
- ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ્સની સ્થાપના વર્ષ ૧૯૭૩માં કરવામાં આવી હતી જે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ્સના અધ્યક્ષ બ્રિજેન્દ્રપાલ સિંહ છે.
- પ્રથમ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર વિજેતા વર્ષ ૧૯૫૪માં જાહેર કરવામાં આવ્યા હતા. જે વર્ષ ૧૯૫૩માં પ્રસિદ્ધ થયેલ ફિલ્મોને આપવામાં આવ્યા હતા.
- ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ્સ દ્વારા મુખ્ય ત્રણ કેટેગરીમાં પુરસ્કાર આપવામાં આવે છે.
  - ૧. સ્વર્ણ કમલ પુરસ્કાર
  - ૨. રજત કમલ પુરસ્કાર
  - ૩. પ્રાદેશિક ભાષા પુરસ્કાર

**સ્વર્ણ કમલ પુરસ્કાર વિજેતા :**

| **પુરસ્કાર** | **વિજેતા ફિલ્મ** | **ભાષા** |
|---|---|---|
| બેસ્ટ ફિચર ફિલ્મ | હેલ્લારો | ગુજરાતી |
| બેસ્ટ ડેબ્યુ ફિલ્મ ઓફ ડાયરેક્ટર | નાલ | મરાઠી |
| બેસ્ટ પોપ્યુલર ફિલ્મ | બધાઇ હો | હિન્દી |
| બેસ્ટ ડાયરેક્શન (ડાયરેક્ટર–આદિત્યધાર) | ઉરી –ધ સર્જીકલ સ્ટ્રાઇક | હિન્દી |
| બેસ્ટ ફિલ્મ ઓન સોશિયલ ઇસ્યુ | પેડમેન | હિન્દી |

**રજત કમલ પુરસ્કાર વિજેતા :**

| **પુરસ્કાર– વિજેતા વ્યક્તિ** | **વિજેતા ફિલ્મ** | **ભાષા** |
|---|---|---|
| બેસ્ટ એક્ટર વિકિ કૌશલ | ઉરી–ધ સર્જીકલ સ્ટ્રાઇક | હિન્દી |
| આયુષમાન ખુરાના | હિન્દી | અંધાધૂન |
| બેસ્ટ એક્ટ્રસ– કિર્તિસુરેશ | મહનતિ | તેલુગુ |
| સ્પેશિયલ જ્યુરી | હેલ્લારો | ગુજરાતી |

પ્રાદેશિક ભાષા પુરસ્કાર વિજેતા

| પુરસ્કાર | ફિલ્મ |
|---|---|
| બેસ્ટ ગુજરાતી ફિલ્મ | રેવા |
| બેસ્ટ હિન્દી ફિલ્મ | અંધાધૂન |

**રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડમાં પુરસ્કાર પ્રાપ્ત કરનાર ગુજરાતી ફિલ્મો :**

- ૬૬માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો' ને બેસ્ટ ફીચર ફિલ્મ કેટેગરીમાં એવોર્ડ મળ્યો છે.
- ગુજરાતનાં કચ્છની મહિલાઓ પરની આધારિત 'હેલ્લારો' ફિલ્મના ડાયરેક્ટર અભિષેક શાહ છે.
- 'હેલ્લારો' બેસ્ટ ફીચર ફિલ્મ કેટેગરીમાં એવોર્ડ જીતનાર પ્રથમ ગુજરાતી ફિલ્મ છે.
- બેસ્ટ ફીચર ફિલ્મ એવોર્ડ ઉપરાંત હેલ્લારો ફિલ્મને સ્પેશિયલ જ્યુરી એવોર્ડ પણ એનાયત થયો છે.
- ગુજરાતી ભાષાની 'રેવા' ફિલ્મને પ્રાદેશિક ફિલ્મ કેટેગરીમાં (શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મ) એવોર્ડ એનાયત થયો છે.
- 'રેવા' ફિલ્મ ગુજરાતી ભાષાનાં જાણીતા લેખક ધ્રુવભટ્ટની તત્વમસિ નામની નવલકથામાંથી બનાવવામાં આવી છે.
- ૬૬માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં એવોર્ડ જીતનાર બંને ગુજરાતી ફિલ્મને ગુજરાત રાજ્ય સરકાર દ્વારા રોકડ પુરસ્કાર આપવાની જાહેરાત મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા કરવામાં આવી.
- બેસ્ટ ફીચર ફિલ્મ એવોર્ડ જીતનાર હેલ્લારો ફિલ્મને રાજ્ય સરકાર દ્વારા ૨ કરોડનું ઇનામ આપવામાં આવશે.

– જ્યારે પ્રાદેશિક ફિલ્મ કેટેગરીમાં (શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મ) એવોર્ડ જીતનાર રેવા ફિલ્મને ૧ કરોડનું ઇનામ આપવામાં આવશે.
– રાજ્ય સરકાર દ્વારા આ બંને રોકડ પુરસ્કાર 'ગુજરાતી ફીલ્મ પ્રોત્સાહન નીતિ–૨૦૧૬' અંતર્ગત આપવામાં આવશે.

પ્રશ્નો :

૧ રાષ્ટ્રીય સુશાસન દિવસ ક્યારે મનાવાય છે ?
- ૨૫ ડિસેમ્બર
૨ ભારતભરમાં રાષ્ટ્રીય સુશાસન દિવસ કોની યાદમાં મનાવાય છે ?
- અટલ બિહારી વાજપાઇ
૩ અટલ બિહારી વાજપાઇના સમાધિ સ્થળનું નામ જણાવો ?
- સદૈવ અટલ
૪ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર -૨૦૧૯ અંતર્ગત બેસ્ટ ફીચર ફિલ્મ નો એવોર્ડ કઇ ફિલ્મને એનાયત થયો ?
- હેલ્લારો
૫ રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મ 'નાલ' કઇ ભાષાની ફિલ્મ છે ?
- મરાઠી

## 26. December. 2019

**(૧) હર્ષવર્ધન શ્રુંગલા – દેશના નવા વિદેશ સચિવ :**

– તાજેતરમાં હર્ષવર્ધન શ્રુંગલાને દેશના નવા વિદેશ સચિવ નિયુક્ત કરવામાં આવ્યા.
– તેઓ ૨૯ જાન્યુઆરી ૨૦૨૦ થી પોતાનો કાર્યભાર સંભાળશે.
– તેઓ વિજય ગોખરેનું સ્થાન લેશે.
– હર્ષવર્ધન શ્રુંગલા ૧૯૮૪ બેચના ભારતીય વિદેશ સેવા અધિકારી છે.
– હાલમાં તેઓ અમેરિકા ખાતે ભારતીય રાજદૂત તરીકે સેવા આપે છે

**(૨) કમોસમી વરસાદથી ખેડૂતોના નુકસાન માટે નુકસાન સહાય પેકેજનો પ્રારંભ :**

– ૨૪ ડિસેમ્બરના રોજ રાષ્ટ્રીય સુશાસન દિવસ નિમિત્તે ગુજરાતનાં વડોદરા ખાતે સુશાસન કિસાન સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.
– આ સંમેલનમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીએ રાજ્યમાં થયેલ કમોસમી વરસાદથી ખેડૂતોના નુકસાન માટે નુકસાન સહાય પેકેજનો પ્રારંભ કરાવ્યો હતો.
– રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના નુકસાન માટે ૩૭૯૫ કરોડના સહાય પેકેજની જાહેરાત અગાઉ કરવામાં આવી હતી.
– આ રાહત પેકેજ અંતર્ગત રાજ્યમાં ૧ ઇંચથી વધુ કમોસમી વરસાદ થયો છે જેવા વિસ્તારમાં ખેડૂતોને હેક્ટર દીઠ ૬૮૦૦ રૂપિયાની સહાય આપવામાં આવશે. જેમાં વધુ ને વધુ બે હેક્ટરની સહાય મળવાપાત્ર છે.
– જે વિસ્તારોમાં ૧ ઇંચથી ઓછો કમોસમી વરસાદ થયો છે તેવા વિસ્તારમાં ખાતેદાર દીઠ ૪૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવશે.
– આ સાથે મુખ્યમંત્રીશ્રીએ વડોદરા જિલ્લાના વડોદરા તાલુકામાં આવેલ ચિખોદરા ખાતે બાયો ફિલ્ટર મલીન જળ શુદ્ધિકરણ પ્લાન્ટનું ઇ લોચિંગ કર્યું હતું.
– આ પ્લાન્ટ પ્રાયોગિક ધોરણે વપરાશી ગંદા પાણીને શુદ્ધ કરી તેનો ઉપયોગ ફરી વપરાશમાં થઇ શકે તે માટે સ્થાપવામાં આવ્યો છે.

**(૩) QRSAM મિસાઇલનું સફળ પરીક્ષણ :**

– તાજેતરમાં DRDO દ્વારા ઓડીશાના ચાંદીપુરના અબ્દુલ કલામ આઇલેન્ડ ખાતે આવેલ ઇન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ પર QUICK REACTION SURFACE TO AIR MISSILE (મિસાઇલ) નું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.
– QRSAM મિસાઇલ જમીનથી હવામાં પોતાના લક્ષ્ય પર પ્રહાર કરે છે.
– આ મિસાઇલની પ્રહાર ક્ષમતા ૨૫ થી ૩૦ કિલોમીટર છે.
– QRSAM મિસાઇલનું પ્રથમ પરીક્ષણ ૪ જુલાઇ ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યું હતું બાદમાં આ મિસાઇલના ઘણા પરીક્ષણ કરવામાં આવી ચૂક્યા છે.
– DRDO-The Defence Research and development Organisation
– DRDOની સ્થાપના વર્ષ ૧૯૫૮માં થઇ હતી.
– મુખ્યાલય : DRDO ભવન, નવી દિલ્લી
– ચેરમેન : જી. સતિશ રેડ્ડી
– આદર્શ વાક્ય : બલસ્ય મૂલં વિજ્ઞાનમ્

પ્રશ્નો :

૧ તાજેતરમાં દેશના નવા વિદેશ સચિવ તરીકે કોની નિમણૂક થઇ ?
- હર્ષવર્ધન શ્રુંગલા
૨ ૨૪ ડિસેમ્બરના રોજ કયો રાષ્ટ્રીય દિવસ ઉજવાય છે ?
- રાષ્ટ્રીય સુશાસન દિવસ
૩ **QRSAM** મિસાઇલની પ્રહાર ક્ષમતા જણાવો ?
- ૨૫ થી ૩૦ કિલોમીટર
૪ DRDOના હાલના ચેરમેન જણાવો ?
- જી. સતિશ રેડ્ડી
૫ DRDOની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૧૯૫૮

## 27. December. 2019

**(૧) મેજર અનૂપ મિશ્રાને આર્મી ડિઝાઇન બ્યુરો એક્સેલન્સ એવોર્ડ :**

– તાજેતરમાં ભારતીય સેનાના મેજર અનૂપ મિશ્રાને આર્મી ડિઝાઇન બ્યુરો એક્સેલન્સ એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા.
– તેમને આ સન્માન સેના પ્રમુખ જનરલ બિપિન રાવતના હસ્તે સર્વત્ર કવચ વિકસાવવા બદલ આપવામાં આવ્યું છે.

Vivekanand Academy Gandhinagar

– સર્વત્ર કવચ એક સ્વદેશીરૂપે નિર્માણ થયેલ બુલેટ પ્રૂફ જેકેટ છે.

**(૨) રોહતાંગ ઘાટમાં નિર્માણ થઇ રહેલ ટનલનું નામ અટલ ટનલ :**

– તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા હિમાચલ મનાલી અને લદ્દાખના લેહ વચ્ચે રોહતાગ ઘાટમાં નિર્માણ થઇ રહેલ ટનલનું નામ અટલ ટનલ આપવામાં આવ્યું.

– આ ટનલની લંબાઇ ૮.૮ કિલોમીટર છે.

– આ ટનલનું નિર્માણ હિમાચલ પ્રદેશ અને લદ્દાખના અમુક વિસ્તારોમાં બારેમાસ રોડ કનેક્ટિવિટી ઉપલબ્ધ થઇ શકે તે હેતુથી કરવામાં આવી રહ્યું છે.

– હાલ વર્ષના છ મહિના દરમિયાન આ વિસ્તાર દેશથી સંપર્ક વિહોણા હોય છે.

– આ ટનલ બનાવવાનો નિર્ણય શ્રી અટલ બિહારી વાજપેયી દ્વારા વર્ષ ૨૦૦૦માં લેવામાં આવ્યો હતો.

– આ ટનલ સમુદ્ર સપાટીથી ૩૦૦૦ મીટરની ઉંચાઇ પર આવેલ વિશ્વની સૌથી લાંબી ટનલ છે.

– આ ટનલ વર્ષ ૨૦૨૦ના અંત સુધીમાં કાર્યરત થવાની શક્યતા છે.

**(૩) પાવાગઢની પરિક્રમાનો પ્રારંભ :**

– તાજેતરમાં વિશ્વ પ્રસિદ્ધ શક્તિપીઠ પાવાગઢ ખાતે મહાકાળી માતાજી ધામ પાવાગઢની પરિક્રમાનો પ્રારંભ થયો.

– આ પરિક્રમાનું આયોજન છેલ્લા ત્રણ વર્ષથી કરવામાં આવે છે.

– આ પરિક્રમાનો પ્રારંભ પાવાગઢની તળેટીમાં પર આવેલ ચાંપાનેર ગામના વાઘેશ્વરી માતાજીના મંદિરથી થાય છે ત્યાંથી પરિક્રમાનું રાત્રિરોકાણ શ્રી નારાયણદાસ બાપુના તાજપુરા ધામ ખાતે આવેલ આશ્રમ ખાતે થાય છે.

– આ પરિક્રમાનો પ્રારંભ પાવાગઢ દિવસ એટલે કે હિન્દુ મહિનાના માગશર માસની અમાસથી થાય છે.

– પાવાગઢ ડુંગર પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં આવેલ છે.

– પાવાગઢ ડુંગર પર સદનશાહ પીરની પ્રસિદ્ધ દરગાહ પણ આવેલી છે.

પ્રશ્નો :

૧ તાજેતરમાં કઇ વ્યક્તિને આર્મી ડિઝાઇન બ્યુરો એક્સેલન્સ એવોર્ડ એનાયત થયો ?

- મેજર અનુપ મિશ્રા

૨ અટલ ટનલનું નિર્માણ કયાં રાજ્યમાં થયું છે ?

- હિમાચલ પ્રદેશ

૩ અટલ ટનલ બનાવવાનો નિર્ણય કોના દ્વારા લેવામાં આવ્યો હતો ?

- અટલ બિહારી વાજપાઇ

૪ સદનશાહ પીરની દરગાહ કયાં ડુંગર પર આવેલી છે ?

- પાવાગઢ ડુંગર

૫ હાલોલ તાલુકો કયાં જિલ્લામાં આવેલ છે ?

- પંચમહાલ

## 28. December. 2019

**(૧) ગુડ ગવર્નન્સ ઇન્ડેક્ષ–૨૦૧૯**

– તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ વખત ગુડ ગવર્નન્સ ઇન્ડેક્ષ જાહેર કરવામાં આવ્યો.

– નવી દિલ્હી ખાતે યોજાયેલા એક સમારોહમાં કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી જીતેન્દ્રસિંહ આ ઇન્ડેક્સ લોન્ચ કર્યો.

– આ ઇન્ડેક્સમાં દેશના તમામ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યા હતા.

૧. ભારતના મોટા રાજ્યો.
૨. ઉત્તર પૂર્વના અને પર્વતીય રાજ્યો.
૩. કેન્દ્રશાસિત પ્રદેશો

– જેમાં ગુજરાત ભારતના મોટા રાજ્યો વિભાગમાં છઠ્ઠા ક્રમે રહ્યું છે.

– આ ઇન્ડેક્સમાં ભારતના મોટા રાજ્યોમાં તમિલનાડુ પ્રથમ ક્રમે છે.

– જ્યારે મહારાષ્ટ્ર અને કર્ણાટક અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે છે.

– ભારતના મોટા રાજ્યો વિભાગમાં અંતિમ તમે ઝારખંડ છે જેનો ક્રમ ૧૮ મો છે.

– આ ઈન્ડેક્સમાં ભારતના ઉત્તર પૂર્વના અને પર્વતીય રાજ્યોમાં હિમાચલ પ્રદેશ પ્રથમ સ્થાને છે.

– જ્યારે અરૂણાચલ પ્રદેશ અંતિમ સ્થાને એટલે કે ૧૧મા ક્રમે છે.

– આ ઇન્ડેક્સમાં કેન્દ્રશાસિત પ્રદેશ વિભાગમાં પુડુચેરી પ્રથમ સ્થાને છે જ્યારે સાતમા સ્થાને લક્ષદ્વીપ છે.

– આ ઇન્ડેક્સ તૈયાર કરવા માટે માનવ સંસાધન વિકાસ જાહેર આરોગ્ય કૃષિ ઉદ્યોગો અને વ્યાપાર માળખાકીય સુવિધાઓ સમાજ કલ્યાણ અને વિકાસ ન્યાય અને જાહેર સુરક્ષા પર્યાવરણ જેવા અલગ – અલગ દસ ક્ષેત્રોનોનો આધાર લેવામાં આવ્યો હતો.

– આ ઈન્ડેક્સ કેન્દ્ર સરકારના વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદ વિભાગ તથા સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.

**(૨) ભારતની પ્રથમ ટ્રાન્સજેન્ડર યુનિવર્સિટી – ઉત્તરપ્રદેશ**

– ભારતની પ્રથમ ટ્રાન્સજેન્ડર યુનિવર્સિટીની સ્થાપના ઉત્તરપ્રદેશના કુશીનગર જિલ્લાના ફાજિલનગર વિભાગમાં કરવામાં આવશે.

– આ દેશની આ પ્રથમ યુનિવર્સિટી જ્યાં ટ્રાન્સજેન્ડર સમુદાયના લોકો ધોરણ ૧ થી પીએચડી સુધીનું શિક્ષણ લઇ શકશે.

– આ યુનિવર્સિટીનું નિર્માણ અખિલ ભારતીય કિન્નર શિક્ષા સેવા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

– આ યુનિવર્સિટીની મદદથી ટ્રાન્સજેન્ડર સમુદાયના લોકો ઉચ્ચ શિક્ષણ લઇ શકશે અને દેશને નવી દિશા આપી શકશે.

**(૩) અટલ બિહારી વાજપેયી મેડિકલ યુનિવર્સિટી– ઉત્તરપ્રદેશ**

– તાજેતરમાં સુશાસન દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના લખનૌમાં ખાતે અટલ બિહારી વાજપેઇ મેડિકલ યુનિવર્સિટીનો શિલાન્યાસ કર્યો.

– આ સાથે જ તેમણે લખનૌમાં આવેલ લોક ભવનમાં શ્રી અટલ બિહારી વાજપેઇની પ્રતિમાનું અનાવરણ કર્યું.

- આ પ્રતિમાનું નિર્માણ ઉત્તર પ્રદેશના સંસ્કૃતિ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે.
- આ પ્રતિમાં ૨૫ ફૂટ ઊંચી અને પાંચ ટન વજન ધરાવે છે જે કાંસાની બનેલી છે.
- ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથનું કાર્યાલય લોક ભવન ખાતે આવેલું છે.

પ્રશ્નો :

૧ કેન્દ્રીય રાજ્યમંત્રીનું નામ જણાવો ?

- જીતેન્દ્રસિંહ

૨ ગુડ ગવર્નન્સ ઈન્ડેક્ષ -૨૦૧૯ અનુસાર ગુજરાત કયા વિભાગમાં હતું ?

- ભારતના મોટા રાજ્યો વિભાગમાં છઠ્ઠા ક્રમે

૩ ભારતની પ્રથમ ટ્રાન્સજેન્ડર યુનિવર્સિટીની સ્થાપના કયા રાજ્યમાં કરવામાં આવશે ?

- ઉત્તર પ્રદેશ

૪ તાજેતરમાં નરેન્દ્ર મોદીએ અટલ બિહારી વાજપાઇ મેડિકલ યુનિવર્સિટીનો શિલાન્યાસ કયાં રાજ્યમાં કર્યો છે ?

- લખનૌ, ઉત્તર પ્રદેશ

૫ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીનું નામ જણાવો ?

- યોગી આદિત્યનાથ

## 29. December. 2019

**(૧) મીગ-૨૭ ની છેલ્લી સ્ક્વોડ્રની અંતિમ ઉડાન :**

- તાજેતરમાં ભારતીય સેના મહત્વના યુદ્ધ વિમાન મીગ-૨૭ની છેલ્લી સ્ક્વોડ્રને પોતાની અંતિમ ઉલાન ભરી.
- તેણે રાજસ્થાનના જોધપુર એરપોર્ટ ખાતેથી પોતાની ઉડાન ભરી હતી.
- આ ઉડાન બાદ બહાદુરના હુલામણા નામથી ઓળખાતા મીગ-૨૭ યુદ્ધ વિમાનો ભારતીય વાયુસેનામાંથી નિવૃત્ત થઇ ગયા છે.
- આ યુદ્ધ વિમાનો એ વર્ષ ૧૯૯૯માં થયેલ કારગિલ યુદ્ધમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી જેના કારણે આ વિમાનોને બહાદુર નામ આપવામાં આવ્યું હતું.
- મીગ-૨૭ યુદ્ધ વિમાનોને વર્ષ ૧૯૮૫માં ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યા હતા.
- આ કંપની દ્વારા મીગ-૨૭ વિમાનના ભારતમાં નિર્માણ માટે હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડને લાઇસન્સ આપવામાં આવ્યું હતું.
- આ વિમાને પોતાની પ્રથમ ઉડાન વર્ષ ૧૯૭૯માં ભરી હતી.
- આ વિમાનની અંતિમ સ્ક્વોડ્રનનું નામ સ્કોર્પિયન ૨૯ છે જેમાં સાત વિમાનનો સમાવેશ થાય છે.

**(૨) વિશ્વની પ્રથમ હાઇપરસોનિક પરમાણુ મિસાઇલ – રશિયા :**

- તાજેતરમાં રશિયા દ્વારા વિશ્વની પ્રથમ હાઇપરસોનિક પરમાણુ મિસાઇલને પોતાની સેનામાં સામેલ કરવામાં આવી.
- વિશ્વની પ્રથમ હાઇપરસોનિક પરમાણુ મિસાઇલનું નામ અવનગાર્ડ છે.
- આ મિસાઇલની ઝડપ અવાજની ગતિ કરતાં ૨૭ ગણી વધારે છે.
- આ મિસાઈલની ગતિને કારણે તેને રોકડવી કે રડારમાં પકડવી મુશ્કેલ છે.
- રશિયા દ્વારા આ મિસાઇલના કરવામાં આવેલ પરીક્ષણ દરમ્યાન મિસાઇલે ૬૦૦૦ કિમી દૂરના લક્ષ્યને નષ્ટ કર્યું હતું.

**(૩) છેલ્લા એક દાયકાના સર્વશ્રેષ્ઠ ક્રિકેટરોની યાદી– વિઝડન મેગેઝિન :**

- તાજેતરમાં વિઝડન મેગેઝિન દ્વારા છેલ્લા એક દાયકાના સર્વશ્રેષ્ઠ ક્રિકેટરોની યાદી જાહેર કરવામાં આવી.
- આ યાદીમાં વિશ્વના છેલ્લા એક દાયકામાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ૫૦ શ્રેષ્ઠ ક્રિકેટરોને સ્થાને આપવામાં આવ્યું છે.
- આ યાદીમાં ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલી પ્રથમ સ્થાને છે.
- વિરાટ કોહલી બાદ આ યાદીમાં ઇંગ્લેન્ડના જેમ્સ એન્ડરસન અને ઓસ્ટ્રેલીયામાં મહિલા ક્રિકેટર એલિસ પેરી અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.
- વિઝડન મેગેઝિન દ્વારા છેલ્લા એક દાયકાની શ્રેષ્ઠ ક્રિકેટ ટેસ્ટ ટીમ જાહેર કરવામાં આવી.
- આ ટેસ્ટ ટીમના કેપ્ટન તરીકે વિરાટ કોહલીની પસંદગી કરવામાં આવી છે.
- કોહલી ઉપરાંત આ ટેસ્ટ ટીમમાં ભારતીય બોલર રવિચંદ્રન અશ્વિનનો પણ સમાવેશ થયો છે.
- આ ઉપરાંત વિઝડન મેગેઝિન દ્વારા છેલ્લા એક દાયકાની શ્રેષ્ઠ વન ડે ક્રિકેટ ટીમ જાહેર કરવામાં આવી.
- આ ટીમમાં વિરાટ કોહલી, મહેન્દ્રસિંહ ધોની અને રોહિત શર્માનો સમાવેશ થયો છે.

પ્રશ્નો :

૧ મીગ-૨૭ વિમાન કયાં હુલામણા નામથી જાણીતા છે ?

- બહાદુર

૨ મીગ-૨૭ વિમાનની અંતિમ સ્કવોડ્રનનું નામ શું છે ?

- સ્કોર્પિયન -૨૯

૩ તાજેતરમાં કયા દેશે વિશ્વની પ્રથમ હાઈપરસોનિક પરમાણુ મિસાઈલ લોન્ચ કરી ?

- રશિયા

૪ વિશ્વની પ્રથમ હાઈપરસોનિક પરમાણુ મિસાઈલનું નામ જણાવો ?

- અવનગાર્ડ

૫ વિઝડન મેગેઝિન અંતર્ગત સર્વશ્રેષ્ઠ ક્રિકેટરોની યાદમાં પ્રથમ ક્રમે કયો ખેલાડી છે ?

- વિરાટ કોહલી

## 30. December. 2019

**(૧) અટલ ભુજળ યોજના :**

- ૨૪ ડિસેમ્બરના રોજ રાષ્ટ્રીય સુશાસન દિવસ નિમિત્તે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતેથી અટલ ભુજળ યોજના લોન્ચ કરી.

- આ યોજનાથી દેશમાં ભૂગર્ભ જળનો જથ્થો વધારી તેનું સ્થળ ઊંચું લાવવામાં આવશે.
- આ યોજના દેશના ૭ રાજ્યોમાં લોન્ચ કરવામાં આવી છે જેમાં ગુજરાત, મધ્યપ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશે, મહારાષ્ટ્ર, અને કર્ણાટકમાં લોન્ચ કરવામાં આવી છે.
- આ તમામ રાજ્યોના ૭૮ જિલ્લાઓના ૮૩૫૦ ગામોમાં ભૂગર્ભ જળનો જથ્થો વધારવાના તમામ શક્ય પ્રયાસ કરવામાં આવશે.
- આ યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૨૦ –૨૧ થી ૨૦૨૪ –૨૫ દરમ્યાન ૬૦૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જેમાં ૫૦% ખર્ચ માટે વર્લ્ડ બેન્ક પાસેથી લોન લેવામાં આવશે.

**(૨) દેશના બળાત્કારના કેસોનો ઝડપથી નિકાલ માટે સમિતિની રચના :**

- તાજેતરમાં દેશની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશશ્રી એસ.એ. બોબડે દ્વારા દેશના બળાત્કારના કેસોનો ઝડપથી નિકાલ થઇ શકે તે માટે બે સભ્યોની સમિતિની રચના કરવામાં આવી.
- આ સમિતિમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ આર સુભાષ રેડ્ડી અને એમ.આર. શાહનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ સમિતિ દેશના તમામ બળાત્કાર કેસો પર નજર રાખશે. અને તેના ઝડપી નિકાલ માટે પગલાં લેશે.
- દેશની સુપ્રીમ કોર્ટના ૪૭માં મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી એસ.કે. બોબડે ૧૮ નવેમ્બર થી પદ પર છે.

**સુપ્રીમ કોર્ટ :**

- સ્થાપના ૧ ઓક્ટોબર ૧૯૩૫ (અંગ્રેજો દ્વારા ફેડરલ કોર્ટ ઓફ ઇન્ડિયા ભારત સરકાર અધિનિયમ – ૧૯૩૫ અંતર્ગત)
- સ્વતંત્રતા બાદ સુપ્રીમ કોર્ટ ઓફ ઇન્ડિયા તરીકે ૨૮ જાન્યુઆરી ૧૯૫૦ થી કાર્યરત છે.
- સુપ્રીમ કોર્ટની સ્થાપના અનુચ્છેદ ૧૨૪ અંતર્ગત કરવામાં આવી છે.
- ભારતીય બંધારણના ભાગ–૫માં અનુચ્છેદ ૧૨૪ થી ૧૪૭ અંતર્ગત સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઇ કરવામાં આવી છે.
- સુપ્રીમ કોર્ટ બંધારણના વાલી તરીકે કાર્ય કરે છે. સુપ્રીમ કોર્ટનું આદર્શ વાક્ય 'યતો ધર્મસ્તતો જય' છે.
- હાલની સુપ્રીમ કોર્ટ બિલ્ડીંગની ડીઝાઇન ગણેશ ભિખાજી ડિયોલાલીકર દ્વારા તૈયાર કરવામાં આવી છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૨૪(૧) અંતર્ગત સંસદ દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની સંખ્યામાં વધારો ઘટાડો કરવામાં આવે છે.
- હાલ સુપ્રીમ કોર્ટમાં ૧ મુખ્ય ન્યાયાધીશ સહિત કુલ ૩૪ જજ રાખવાની જોગવાઇ છે.
- શરૂઆતના સમયમાં સુપ્રીમ કોર્ટમાં ૧ મુખ્ય ન્યાયાધીશ સહિત કુલ ૮ ન્યાયાધીશો હતા.

પ્રશ્નો :

૧ અટલ ભુજળ યોજના કોણે લોન્ચ કરી ?
- નરેન્દ્ર મોદી

૨ હાલ અટલ ભુજળ યોજના કુલ કેટલા રાજ્યમાં લોન્ચ કરાય છે ?
- ૭ રાજ્યોમાં

૩ દેશના બળાત્કારના કેસોનો ઝડપથી નિકાલ માટેની સમિતિની રચના કોના દ્વારા કરવામાં આવી છે ?
- એસ.એ. બોબડે

૪ હાલ ભારતના સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશનો ક્રમ જણાવો ?
- ૪૭માં

૫ સુપ્રીમ કોર્ટની સ્થાપના કયાં અનુચ્છેદ અંતર્ગત કરવામાં આવી છે ?
- અનુચ્છેદ-૧૨૪

## 31. December. 2019

**(૧) કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળના નવા મુખ્યાલયનો શિલાન્યાસ :**

- તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહ દ્વારા નવી દિલ્હીમાં કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળના નવા મુખ્યાલયનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે.
- આ નવા ભવનનું નિર્માણ નવી દિલ્હી ખાતે ૨૮૦ કરોડના ખર્ચે કરવામાં આવી રહ્યું છે.
- CRPF ની સ્થાપના વર્ષ ૧૯૩૯માં ક્રાઉન પ્રતિનિધિ પોલીસ તરીકે થઇ હતી CRPF ૨૪૬ બટાલિયન ધરાવતું દેશનું સૌથી મોટું પોલીસ દળ છે.
- તે ગૃહ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે. આઝાદી બાદ આ દળને સીઆરપીએફ અધિનિયમ ૧૯૪૯ અંતર્ગત કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ કરવામાં આવ્યું.
- CRPF નું આદર્શ વાક્ય સેવા અને નિષ્ઠા છે.
- CRPF- Central Reserve Police Force

**(૨) Def Expo India 2020ની વેબસાઇટ લોન્ચ કરવામાં આવી ?**

- તાજેતરમાં કેન્દ્રીય રક્ષામંત્રીશ્રી રાજનાથસિંહ દ્વારા ૧૧માં Def Expo India 2020 ની એપ્લીકેશન લોન્ચ કરવામાં આવી.
- ૧૧ માં Def Expo India 2020નું આયોજન ઉત્તરપ્રદેશની રાજધાની લખનઉ ખાતે કરવામાં આવશે.
- આ દ્વિવર્ષીય ઇવેન્ટનું આયોજન લખનઉમાં પ્રથમ વખત ફેબ્રુઆરી ૨૦૨૦માં કરવામાં આવશે.
- ચાર દિવસીય આ ઇવેન્ટમાં ભારતીય રક્ષા ઉદ્યોગ પોતાની ક્ષમતાનું પ્રદર્શન કરશે.
- નું આયોજન ભારત – રક્ષા નિર્માણનું ઉભરતું હબ થીમ પર કરવામાં આવશે.
- આ એક્સ્પોથી દેશના રક્ષા ઉદ્યોગ અને મેક ઇન ઇન્ડિયા પ્રોજેક્ટને પ્રોત્સાહન મળશે.
- વર્ષ ૨૦૧૮ માં ૧૦ માં Def Expo India 2018નું આયોજન ચેન્નાઇ ખાતે કરવામાં આવ્યું હતું.

**(3) દાદાસાહેબ ફાળકે એવોર્ડ ૨૦૧૯ – અમિતાભ બચ્ચન**



Vivekanand Academy Gandhinagar

- તાજેતરમાં ભારતીય સિનેમાના દિગ્ગજ અભિનેતાશ્રી અમિતાભ બચ્ચનને સિમાને જગતમાં તેમના યોગદાન દબલ દેશના સર્વોચ્ચ્ સિનેમા એવોર્ડ દાદાસાહેબ ફાળકે એવોર્ડ ૨૦૧૯ થી સન્માનીત કરવામાં આવ્યા.
- અમિતાભ બચ્ચનને આ સન્માન નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દ્વારા એનાયત કરવામાં આવ્યું.
- અમિતાભ બચ્ચને વર્ષ ૧૯૬૯માં સાત હિન્દુસ્તાની ફિલ્મથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી.
- સિનેમા જગતમાં તેમના યોગદાન બદલ ભારત સરકાર દ્વારા તેમને વર્ષ ૧૯૮૪માં પદ્મશ્રી, ૨૦૦૧માં પદ્મભૂષણ અને વર્ષ ૨૦૧૫માં પદ્મવિભૂષણ સન્માન આપવામાં આવ્યું છે.
- વર્ષ ૨૦૦૭માં ફ્રાંસના સર્વોચ્ચ નાગરિક સન્માન 'The Knight of the hegion of Honour' થી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.
- દાદાસાહેબ ફાળકે એવોર્ડ આજીવન યોગદાનને ધ્યાને રાખી આપવામાં આવતો દેશનો સર્વોચ્ચ સિનેમા એવોર્ડ છે.
- આ એવોર્ડ અંતર્ગત વિજેતાને ૧૦ લાખ રૂ. રોકડ ઇનામ, એક સુવર્ણ કમળ આપવામાં આવે છે.
- વર્ષ ૧૯૬૯માં પ્રથમ દાદાસાહેબ ફાળકે એવોર્ડ દેવિકા રાણીને આપવામાં આવ્યો હતો.

પ્રશ્નો :

૧ કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળના નવા મુખ્યાલયનો શિલાન્યાસ કોના દ્વારા કરવામાં આવ્યો ?

- અમિત શાહ

૨ CRPF નું પુરૂનામ જણાવો ?

- Central Reserve Police Force

૩ ૧૧માં ની એપ્લીકેશન કોના દ્વારા લોન્ચ કરવામાં આવી ?

- રાજનાથસિંહ

૪ ઉત્તરપ્રદેશની રાજધાની જણાવો ?

- લખનૌ

૫ દાદાસાહેબ ફાળકે એવોર્ડ-૨૦૧૯ વિજેતા જણાવો ?

- અમિતાભ બચ્ચન

૬ પ્રથમ દાદા સાહેબ ફાળકે એવોર્ડ વિજેતા જણાવો ?

- દેવિકા રાણી

Vivekanand Academy Gandhinagar